પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૪/૦૭/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ જેઠ વદ-૧૪ વર્ષ : ૧૫ અંક : ૧૭૩


**સુવિચાર**

સેવા કરીશ તો આનંદ પ્રાપ્ત થશે એમ નહી પણ આનંદમાં રહું છું એટલે સેવા કરતો રહું છું.


:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

ઈમરજન્સી સારવાર
૨૪x૭ કલાક ઈમરજન્સી સારવાર
હૃદયરોગ - બીપી
શ્વાસ - દમ - ન્યુમોનિયા
પક્ષઘાત - પેરાલીસીસ - આંચકા
પોઈઝન - સર્પદંશ
ડાયાબિટીસ - કીડની - લીવરની તકલીફ વગેરે
ડૉ. રાજન કકૈયા (એમ.ડી.)
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૬૩૦૦


## જિલ્લાનાં સંગઠનની નિમણૂંકો અને સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને લઈને


# જિલ્લા ભાજપ પરિવારમાં તોફાન પહેલાની શાંતિનો માહોલ

**આગામી દિવસોમાં જિલ્લા પ્રમુખથી લઈને વોર્ડ પ્રમુખ સુધીનાં હોદ્દેદારોની વરણીને લઈને ઉહાપો મચવાની સંભાવના**

**લોકસભાની ચૂંટણીનાં ઉમેદવારની પસંદગીને લઈને ઉભી થયેલ જુથબંધી વિકરાળ સ્વરૂપ પકડે તો નવાઈ નહી**


**જિલ્લા ભાજપનાં અનેક કદાવર આગેવાનો આજે સમસમીને શાંત બેઠેલા જોવા મળી રહ્યા છે**

**ભાજપ હાઈકમાન્ડ જિલ્લામાં ઉભી થયેલ જુથબંધીને ડામવામાં ઉદાસીન રહેશે તો પક્ષને વ્યાપક નુકસાનની સંભાવનાં**










અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લો એ વર્ષોથી ભાજપનો ગઢ માનવામાં આવી રહ્યો છે. જિલ્લામાં કોંગ્રેસને નેસ્તનાબુદ કરવામાં ભાજપનાં સંગઠનની મહત્વની ભૂમિકા રહેલી છે.

અમરેલી જિલ્લામાં ભાજપને વર્ષ ૧૯૮૫ ધારાસભ્યપદે દિલીપ સંઘાણી કોંગ્રેસનાં વાવાઝોડામાં સફળતા મળી હતી બાદમાં સતત ભાજપને ગામ પંચાયતથી લઈને સંસદની ચૂંટણીમાં ભવ્યત્તમ સફળતા મળી હતી.

જિલ્લા ભાજપમાં દિલીપ સંઘાણી, પરશોતમ રૂપાલા, બાલુભાઈ તંતી, હીરાભાઈ સોલંકી, વી.વી. વઘાસીયા, મનસુખ ભુવા, હનુભાભા ધોરાજીયા, નારણ કાછડીયા, ડો. કાનાબાર, ગોપાલ વસ્તરપરા અને હવે કૌશિક વેકરિયા, મહેશ કસવાલા સહિતનાં અનેક નેતાઓ કાર્યરત છે.

પરંતુ તાજેતરમાં સંપન્ન થયેલ લોકસભાની ચૂંટણીમાં ભાજપનાં ઉમેદવારની પસંદગીને લઈને ભાજપમાં અસંતોષનાં બીરોપાયા છે. નરેન્દ્ર મોદીનાં નામે ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયા ઐતિહાસિક મતોથી વિજેતા તો થયા પરંતુ ભાજપમાં જુથબંધીનો માહોલ ઉભો થયો છે.

આગામી દિવસોમાં વોર્ડથી લઈને જિલ્લા ભાજપ પ્રમુખ સહિતનાં હોદેદારોની વરણી થવાની છે. તેમાં ભાજપનાં કદાવર નેતાઓ પોતપોતાના વફાદારને મહત્વનું પદ અપાવવા એડીચોટીનું જોર લગાવશે અને મોટું ઘમાસાણ થવાનાં એંધાણ જોવા મળી રહ્યા છે.

જો ભાજપ હાઈકમાન્ડ નવનિયુકિતમાં સર્વસમંતી નહી સાધે તો આગામી મહિનાઓમાં યોજાનારી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ભાજપને વ્યાપક નુકસાન થવાની સંભાવના જોવા મળી રહી છે.

## અનેકવિધ સરકારી યોજનાનો ડોર ટુ ડોર પ્રચાર–પ્રસાર કરનાર

# અમરેલી જિલ્લાની આશાવર્કર મહિલાઓએ વિવિધ માંગોને લઈને જિલ્લા કલેકટર સમક્ષ રજૂઆત કરી

**આશાવર્કરને મહિલા સશકિતકરણનાં માહોલમાં પુરતું વેતન મળતું નથી**



અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લાની આશાવર્કર બહેનોને પુરતા પ્રમાણમાં વેતન કે અન્ય સુવિધાઓ મળતી ન હોય આજરોજ તમામ આશાવર્કરોએ જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવીને ન્યાય આપવા માંગ કરેલ છે.

આશાવર્કરોએ આવેદન પત્રમાં જણાવેલ છે કે, સરકારની વિવિધ યોજનાઓનો પ્રચાર–પ્રસાર અને લાભ ડોર ટુ ડોર પહોંચે તે માટે દિવસ–રાત એક કરીને તેઓ ફરજ બજાવે છે. કોરોનાનાં કપરા કાળમાં પણ નિયમિત ફરજ બજાવી છે છતાં પણ સરકાર તરફથી પુરતા પ્રમાણમાં વેતન, ભથ્થુ કે અન્ય સુવિધાઓ મળતી ન હોય યોગ્ય કરવા અંતમાં માંગ કરેલ છે.

## જીત જાયેંગે હમ, તુ અગર સંગ હૈ



ઈશ્વરે માનવીને બચપન, યુવાની અને પ્રૌઢા અવસ્થા બાદ અંતે વૃધ્ધાવસ્થાની પણ અનેરી ભેટ આપી છે. પરંતુ વૃધ્ધાવસ્થા કોઈને પસંદ નથી. કારણ કે અવનવી બીમારીઓ અને એકલતા વ્યકિતને કોરી ખાતી હોય છે અને આવા સમયે યુવાનીનાં સમયે જીવનસાથી બનેલ પત્ની સાથે હોય તો વૃધ્ધાપાનાં દિવસો પસાર કરવા મુશ્કેલ નથી બનતા અને આજે એક વૃધ્ધ અને તેમની પત્ની સાયકલ લઈને બજારમાં જોવા મળતાં તે દ્રશ્ય કેમેરામાં કેદ થયું છે અને જીત જાયેંગે હમ, તુ અગર સંગ હૈ... ગીત સાર્થક થતું જોવા મળેલ છે.

## સાવરકુંડલાનાં નવાગામ–જાંબુડાની ઘટના

# નાની બહેને સગાઈનાં કપડા જોઈ લેતાં મોટી બહેને ગળાફાંસો ખાઈ લીધો

**નાના એવા ગામમાં બનાવને લઈને અરેરાટી**

અમરેલી, તા. ૩

સાવરકુંડલા તાલુકાના નવાગામ જાંબુડામાં રહેતી ભાવિકાબેન જીવનભાઈ વાળા નામની ૧૯ વર્ષિય યુવતિ તા. ૧ ના રોજ ૯ વાગ્યે પોતાના ઘરે હાજર હોય. ત્યારે તેણીની નાની બહેન દિપલીબેને યુવતિની સગાઈના કપડા જે ઘરે ઘોડા ઉપર રાખેલ હતા તે તેણીને પૂછયા વગર જોયેલ હોય. જેથી પોતાને સારૂ નહિં લાગતા પોતાની મેળે રૂમમાં જઈ પોતાના ડ્રેસની સફેદ કલરની ચુંદડીનો ગાળીયો બનાવી પંખા સાથે બાંધી પોતાની મેળે કોઈને કહ્યા વગર ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.


૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
63,250/- (૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૩/૦૭/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
મેડીકલ ઓફિસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
લેડીઝ તેમજ જેન્ટસ
: પગાર ધોરણ (ફ્રેશર માટે) :
રૂા. ૧૪,૦૦૦/– થી ૧૮,૦૦૦/–
અનુભવી માટે : રૂા. ૨૦,૦૦૦/– થી ૩૦,૦૦૦/–
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિ.
મળવાનો સમય : ૧૧ થી ૧૨, સાંજે ૫:૩૦ થી ૬:૩૦
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

## સાવરકુંડલાનાં આરોગ્ય અધિકારીએ સરકારી નિયમનો કર્યો ઉલાળીયો

# નિયમ વિરૂધ્ધ પ્રસિધ્ધ થતી પત્રિકામાં સરકારી જાહેર ખબરો બંધ કરો

**વીજપડીનાં અગ્રણીએ જિલ્લા આરોગ્ય અધિકારીને પત્ર પાઠવીને રજૂઆત કરી**

**પ્રસિધ્ધ થયેલ જાહેર ખબરનું બિલ જાહેર ખબર આપનાર અધિકારી પાસેથી વસુલવા માંગ**


**ટેન્ડર નોટિસની પ્રસિધ્ધિ સ્થાનિક સ્તરે થવાને બદલે જિલ્લાભરમાં થાય તે જરૂરી**

**અમરેલી જિલ્લામાં કાયદાનું ઉલ્લંઘન કરીને પ્રસિધ્ધ થતી તમામ પત્રિકાને બંધ કરાવવી જરૂરી**

અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લામાં આરએનઆઈ સહિતનાં સરકારી વિભાગોમાં રજીસ્ટ્રેશન કે ડેકલેરેશન કરાવ્યા વગર જેને મન પડે તે જાહેરખબર પત્રિકા પ્રસિધ્ધ કરે છે. તેમાં ખાનગી વેપારીઓ તો જાહેર ખબર આપે પરંતુ સરકારી કે અર્ધ સરકાર વિભાગોની ટેન્ડર સહિતની મહત્વની જાહેર ખબર પ્રસિધ્ધ થાય છતાં કોઈ કાર્યવાહી કરવામાં ન આવતાં આશ્ચર્ય ફેલાયું છે.

દરમિયાનમાં સાવરકુંડલાનાં આરોગ્ય અધિકારીએ શહેરમાંથી નિયમ વિરૂધ્ધ પ્રસિધ્ધ થતી પત્રિકામાં ટેન્ડર નોટિસ પ્રસિધ્ધ કરાવતાં વીજપડીનાં જાગૃત નાગરિકે જિલ્લા વિકાસ અધિકારીને પત્ર પાઠવેલ છે.



ટેન્ડર નોટીસ

સાવરકુંડલા તાલુકા હેલ્થ કચેરી તાબાના વિસ્તારમાં નોંધાયેલ સગર્ભા માતાને સગર્ભાવસ્થા દરમ્યાન સોનોગ્રાફી તથા જરૂરિયાત તપાસ માટે સરકારશ્રી તરફથી જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ અંતર્ગત ફ્રી ઓબ્સ્ટ્રેટીક ગાયનેક સેવાઓ મળી રહે અને માતામરણ અને બાળમરણ અટકાવવાના હેતુથી સગર્ભાવસ્તા અંતર્ગત સોનોગ્રાફી તપાસ જરૂરિયાત હોય જેથી સાવરકુંડલા શહેરનાં રસ ધરાવતા ખાનગી માન્યતા પ્રાપ્ત પ્રાઈવેટ રેડીઓલોજીસ્ટ તથા ગાયનેકોલોજીસ્ટરીને તાલુકા હેલ્થ કચેરી સાવરકુંડલામાં ટેન્ડર નોટીસ પ્રસિધ્ધ થયાના દિન-૭ બંધ કવરમાં રજીસ્ટર એ.ડી.થી પોતાના એક સોનોગ્રાફીના ભાવ નીચે જણાવેલ સરનામા પર પોસ્ટથી પહોંચતા કરવાના રહેશે. સમય મર્યાદા બાદ આવેલ ભાવો ધ્યાને લેવામાં આવશે નહીં.

ટેન્ડરના ભાવ મોકલવાનું સરનામું

તાલુકા હેલ્થ ઓફીસર, તાલુકા હેલ્થ કચેરી, સાવરકુંડલા, કે.કે. હોસ્પિટલ કેમ્પસની અંદર,સાવરકુંડલા.

તાલુકા હેલ્થ ઓફીસર- સાવરકુંડલા

પત્રમાં જણાવેલ છે કે, આવી પત્રિકામાં અપાતી જાહેર ખબરનાં કારણે સમગ્ર જિલ્લા સહિત અનેક વિસ્તારોમાં જાહેરખબર વાંચવાથી લોકો વંચિત રહે છે. જેથી બહોળી પ્રસિધ્ધિ ન થવાનાં કારણે જાહેરખબરનો હેતું સિધ્ધ પુરતા પ્રમાણમાં થતો નથી.

વધુમાં જણાવેલ છે કે, વિજ્ઞાનદાતા (જવાબદાર અધિકારી) અને પ્રકાશક તથા અન્ય સ્થાપિત ધરાવતાં પરિબળોની સાંઠગાંઠ ગંધને ભાસ આવી જાહેરખબરથી ફલિત થાય છે.

આવી પત્રિકા પ્રકાશક ઈચ્છે તેને જ પ્રાપ્ત થઈ શકે જેથી જાહેરખબરનો હેતુ બિલકુલ જળવાતો નથી. માહિતી વિભાગ અમરેલીનાં માર્ગદર્શન હેઠળ તેના નીતિ–નિયમોને આધિન જાહેર ખબર આપવી જોઈએ.

ઉપરોક્ત જેવા અનેક કારણોસર આ જાહેર ખબર કેન્સલ કરી ખર્ચ જવાબદાર પાસેથી વસુલીને દૈનિક અખબારમાં જાહેર ખબર આપવા અંતમાં માંગ કરેલ છે.

---

## હાઈસ્કૂલ અને નગરપાલિકા કચેરી નજીકમાં હોવા છતાં

# દામનગરમાં પ્રાથમિક શાળા નંબર–૧ પાસે પડેલ ખાડો પાલિકાને દેખાતો નથી

**ખાડાઓથી પાલિકા તંત્રનાં પેટનું પાણી હલતુ નથી**

દામનગર,તા.૩

ખાડા પડે કે રોડ તુટી જાય શહેરીજનોએ જ સહન કરવાનું નગરપાલિકાના દરવાજેથી લઈને વૈજનાથ મંદિર સુધી, રાભડા વાળાનાં દવાખાના સામે, છભાડીયા રોડ પર પડેલા ખાડાઓથી તંત્રનાં પેટનુ પાણી હલતું નથી કે નિષ્ઠાથી કામ કરવું નથી...!! જરૂરિયાતવાળા જગ્યાએ પર સ્પીડ બ્રેકરો બનાવ્યા નથી. ડિવાઈડરમાં રહેલા કચરાનો નિકાલ કરતો નથી. પ્રાથમિક શાળા નંબર–૧ પાસે મોટો ખાડો પડયો છે. આ જગ્યાથી નજીક હાઈસ્કુલ અને નગરપાલિકા કચેરી આવેલ છે. નગરપાલિકાનાં મિત્રોને આ ખાડાઓ દેખાય છે છતાં, આંખ આડા કાન કેમ કરે છે તે ખ્યાલ નથી આવતો.. કે પછી આ કામ ધારાસભ્ય કે સાંસદે કરવાનું હોય...!!



---

## આગામી ૧૦ જૂલાઈનાં રોજ

# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વ રોગ કેમ્પ યોજાશે

**જરૂરિયાતમંદોને લાભ લેવા અનુરોધ થયો**

ચલાલા, તા. ૩

ચલાલા વિવિધ સેવાકીય કાર્યો કરનાર ચલાલાના યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા ગાયત્રી સંસ્કાર કેન્દ્ર, ધારી રોડ ચલાલા ખાતે આગામી તા. ૧૦/૭/૨૦૨૪ બુધવારના રોજ ૨૬૮ મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, સર્વરોગ કેમ્પનું આયોજન કરેલ છે. રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ તથા જીલ્લા અંધત્વ નિવારણ સમિતિના ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમ સેવા આપશે.

ડો. રાજસિંહ, ડો. મીરા સરોજબા, મહેન્દ્રસિંહ, આરોન, રેવા અને જાડેજા પરિવાર રાજસિંહના ૪૦માં જન્મદિવસ નિમિતે આર્થિક સહયોગથી યોજનાર આ કેમ્પમાં દર્દીઓની તપાસ કરી દવા પણ આપવામાં આવશે અને ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીને રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી વિનામૂલ્યે નેત્રમણી મૂકી અદ્યતન સારવાર અને દવા આપવામાં આવશે અને સાથે દર્દીઓએ આધારકાર્ડની ઝેરોક્ષ નકલ સાથે લાવવી.

દંતયજ્ઞમાં દાતના તમામ રોગો જેવા કે દાત કાઢવા ચાંદી પૂરવી વગેરેની સારવાર વિનામૂલ્યે કરવામાં આવશે.

સર્વરોગ કેમ્પમાં તમામ તમામ પ્રકારના રોગો જેવા કે શ્વાસ, હરસ, મસા, ડાયાબીટીશ, પેટના રોગો, વાના રોગો વગેરેની સારવાર કરી દવા પણ વિનામૂલ્યે આપવામાં આવશે.

હરિબા મહિલા કોલેજમાં દીકરીઓ માટે આર્ટસ, કોમર્સ, બી.સી.એ. જેનું પ્રવેશ કાર્ય શરૂ છે.

ઉપકરોત સ્થળે દર મહિનાના બીજા બુધવારે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાય છે કેમ્પમાં ઉપકરોત તમામ સારવાર વિનામૂલ્યે મળશે તો ચલાલા અને આજુબાજુના ગામોમાંથી વધુમાં વધુ લોકો લાભલે તેવું સંસ્થાન વડા રતિદાદાની એક યાદીમાં જણાવાયું છે.

---

# રાહુલ ગાંધીનાં નિવેદનની ટીકા કરતાં રમેશ શિંગાળા

અમરેલી, તા.૩

લોકશાહિનાં મંદિર સમાન ભવનમાં રાહુલ ગાંધી નિવેદનની લોકોમાં રોષ ફેલાયો છે. ત્યારે ગળથુથી જેની વિદેશી છે. તેવા કોંગ્રેસના આયાતિ નેતા રાહુલે કોંગ્રેસની બેવડી નીતીને ઉજાગકર કરવાનુ કામ લોકશાહિના મંદિર સમાન સંસદ ભવનામાં દેખાડી છે. આમ, સમગ્ર દેશનાં હિંદુઓ હિંસક છે તેવુ જાહેર નિવેદન આપનાર રાહુલ ગાંધીએ ભૂલી ગયા છે કે, કસાબને ૨–કરોડની બિરયાની પીરસીને આતંકીઓની મીજબાની કોંગ્રેસ સરકાર કરી ચૂકી છે. તેમ હિંસક કોણ છે તેનો ઈતિહાસ તપાસો...તમારા બાપદાદા સુધી આ દોર લંબાશે. વળી, હિંદુઓ હિંસક છે તે વાત રાહુલના મોઢે શોભતી નથી. રાહુલએ દેશના હિંદુઓ અને હિંદુ દેવી–દેવતાઓનુ ભયંકર અપમાન કયું છે. રાહુલ એવા લોકોના ઈશારે ચાલે છે. જેઓ ભારતમાં ભાંગફોડ વૃતિ ધરાવે છે, અમુક સમાજને રાજી ભાન ભૂલેલ નિવેદન આપનાર રાહુલને શરમ અને સંવેદાનો છાટો હોય તો તાત્કાલીક રાજીનામુ આપી સમગ્ર દેશની માફી માંગે તેમ યુવા અગ્રણી રમેશ શિંગાળાએ કોંગ્રેસની બોલતી બંધ કરી દયે તેવુ નિવેદન આપતા ચકચાર જાગી છે.

---

# જાફરાબાદ પાલિકાની પ્રિ મોન્સુન કામગીરી પર લોકોએ ઠાલવ્યો આક્રોશ



જાફરાબાદ, તા. ૩

હાલ ચોમાસું બેસી ગયું છે અને જાફરાબાદ નગરપાલિકાનાં અણ આવડતને લઈ પ્રિ–મોન્સુન કામગીરી નહિવત દેખાઈ રહી છે. સામા કાંઠા વિસ્તારમાં આવેલ રામાપીર મંદિરની બાજુમાં કે જયાં વરસાદી પાણી ભરાતાં હોય અને આ પાણી ઓછું થાય ત્યારે કાદવ–કીચડ અને દુર્ગંધ મારતું ગટરનાં ગંદા પાણી ભરાઈ રહેતા હોય ઘણા સમય પહેલા પાલિકા દ્વારા સોસખાડો બનાવવામાં આવ્યો હતો પરંતુ સોસખાડામાં વરસાદી પાણી ભરાતાં અહીં સમતલ ભરેલા પાણીમાં જોઈ શકાતાં નથી. જેને લઈ નાગરિકો નજીવી ભૂલનાં કારણે હાથ–પગ ભાંગી શકવાનો ભય રહ્યા કરે છે. ત્યારે આ ભરેલા પાણીનાં લીધે કયારે કોના માટે કાળ બને એ કોણ જાણે પણ જે પણ ઘટનાં ઘટશે એના માટે જવાબદાર કોણ હશે. એ પણ સે સમજી શકો છો. આ રામાપીરમંદિર વિસ્તારનાં લોકો પોતાની જાતે સાફ સફાઈ કરે છે પરંતુ પાલિકાને દરેક સ્તરે ટેકસ ભરવા છતાં કાદવ–કીચડમાં રહેતા લોકો પાલિકા તંત્ર આ ભરેલા પાણીનો નિકાલ કરવામાં ન કરવામાં આવતા, ‘‘આંખ આડા કાન’’ જેવી સ્થિતી સર્જાયેલ છે. આ વિસ્તારમાં અમુક ઘરો નીચા હોવાથી વરસાદી પાણી ઘરોમાં ઘૂસી જતાં પણ હોય છે. આ ચોમાસાની સિઝન દરમિયાન રાત્રિનાં કોઈ કુદરતી ધોધમાર વરસાદ વરસ્યો અને કોઈ મોટી જાનહાનિ થઈ તો જવાબદારી કોની ? અહીં રહેતા લોકોને ઘરની બહાર નીકળતી વખતે મુશ્કેલી અનુભવી પડે છે. કારણકે અહીં કાદવકીચડ અને રહેણાંક મકાનોનાં ગટરોનાં દુર્ગંધ મારતાં પાણીમાંથી ઘર સુધી જાવું પડતું હોય છે અને આ ગંદવાડો લઈ ઘરમાં પ્રવેશ કરવો પડે છે. આ વરસાદી પાણી અને કાદવ–કીચડનાં લીધે કોઈ મોટો રોગચાળો ફેલાયો તો જવાબદારી કોની ? આ કાદવ–કીચડમાંથી નાના ભૂલકાંઓને સ્કૂલ મુકવા જાવા માટે પણ મુશ્કેલી અહીંના રહીશો અનુભવી રહ્યા છે. અહીંથી પસાર થતાં રાહદારીઓ પણ મુશ્કેલી અનુભવી રહ્યા છે. અતિશય ગંદવાડાનાં લીધે મચ્છરોનો ઉપદ્રવ વધે અને નાગરિકો તથા નાના ભૂલકાઓમાં રોગચાળો ફેલાયો તો જવાબદારી કોની ? આ ગંદકીનાં લીધે મચ્છરોનો ઉપદ્રવ વધે અને ડેંગ્યૂ, મેલેરીયા, જેવા તાવ, શરદી, ઉધરસ, કોલેરા, અન્ય બિમારીઓ પગ પેસારો કરે તે પહેલાં આરોગ્ય વિભાગ દ્વારા સામાકાંઠા વિસ્તારોમાં પોરાનાશક કામગીરી તેમજ પાલિકા દ્વારા ડીડીટી છંટકાવવાની કામગીરી કરવામાં આવ તો જેથી રોગચાળો ફેલાઈ નહીં. કારણ કે સામાકાંઠા ઘણાખરા વિસ્તારોમાં વરસાદી પાણી તથા રહેણાંક મકાનોનાં ગટરોનાં પાણીનો ભરાવો થયો હોવાથી અહીં ગંદકીથી મચ્છર, માખીનો ઉપદ્રવ વધી રહ્યો છે. જેના લીધે રાત્રીનાં લાઈટ દરમ્યાન લોકોને મકાનનાં ધાબા ઉપર સુવું પણ મુશ્કેલ બની રહ્યું છે. નગરપાલિકાનાં જવાબદાર અધિકારી દ્વારા જયાં જયાં પણી ભરાયેલા વિસ્તારોની તાત્કાલિક મુલાકાત લઈ સાફ સફાઈ કરી વરસાદી અને ગટરનાં દુર્ગંધ મારતા પાણી ટાંકાનો નિકાલ કરવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે. તેમજ ડીડીટીનો છંટકાવ કરવામાં આવે જેથી કરીને ગંદકીનાં લીધે ડેંગ્યૂ મેલેરીયા જેવા જીવલેણ રોગનો શિકાર નાગરિકો નાં બને અને આવા રોગનાં ફેલાય તે પહેલા તાત્કાલિક ધોરણે ભરેલા પાણી અને કાદવકીચડનો નિકાલ કરવામાં આવે તેવી લોકમાંગ કરવામાં આવેલ છે.

---

## લીલીયા નજીક આવેલ

# લુવારીયા અનામત વન વિસ્તારમાં વન વિભાગ દ્વારા વૃક્ષારોપણ કરાયું

**દેશી બાવળ સહિતના ૧૩૦૦ રોપાનું વાવેતર કરાયું**



લીલીયા, તા.૩

ધારી પૂર્વ તળે આવતી સરસીયા રેન્ઝ નીચે આવતા લુવારીયા અનામત વનવિસ્તારમાં ડી.સી.એફ. રાજદિપસિંહ ઝાલાના માર્ગદર્શનતળે વડલા, પીપળા, કરંજ, દેશી વાવણી સહિતના ૧૩૦૦ દેશી કુલના રોપાનું વાવેતર કરવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે આ વિસ્તારમાં મોટી સંખ્યામાં સિંહો કાલીયાર, ચિતલ, નિલગાય, સહીતના વન્ય પ્રાણીઓ વસવાટ કરી રહ્યા છે. વાવેતર કરેલ વૃક્ષો મોટા થતા વન્ય પ્રાણીઓ માટે આર્શીવાદ સમાન નિવડશે. વૃક્ષારોપણ કામગીરી સફળ બનાવવા આર.એફ.ઓ. જયોતિબેન વાંઝા, ફોરેસ્ટર રવિરાજભાઈ ખુમાણ જહેમત ઉઠાવી હતી.

---

## ત્રીજા ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં કેસ ચાલી જતા

# અમરેલી તાલુકા પો. સ્ટેશનમાં નોંધાયેલ મારામારીનાં ગુન્હામાં આરોપી નિર્દોષ

**બચાવપક્ષે એડવોકેટ જે.આર. વાળાની દલીલો સફળ**

અમરેલી, તા. ૩

અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર નં. ૨૦૯૧૧/૨૨થી ફરિયાદ દાખલ થયેલ. જેમાં આરોપી જયદીપભાઈ બીચ્છુભાઈ વાળાની અટકાયત કરવામાં આવેલ હતી. ત્યારબાદ પુરાવાઓ એકત્ર કરી પોલીસ દ્વારા ચાર્જસીટ નામ કોર્ટમાં રજુ કરેલ અને કેસની ટ્રાયલ શરૂ થયેલ. આ



કામે ફરિયાદી તથા પંચો તથા સાદેદો તથા સરકારી સાદેદો તથા એફ.એસ.એલ. અધિકારી તથા કેસનાં તપાસ કરનારને તપાસનાં અંતે નામ ત્રીજા ચીફ જયુડીશિયલ મેજીસ્ટ્રેટની કોટએ આરોપીને નિદોર્ષ છોડી મૂકવા હૂકમ કરેલ અને બચાવપક્ષે જે.આર વાળાની દલીલો નામ. કોર્ટ દ્વારા ગ્રાહય રાખેલ.

---

## ૪.૪૭ લાખનાં ૫.૫૦ લાખ ચુકવી દીધા બાદ

# સાવરકુંડલાનાં યુવક પાસે પઠાણી ઉઘરાણી કરી મારી નાખવાની ધમકી આપી

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૩

સાવરકુંડલાના લીંમડી ચોકમાં રહેતા શોયેબભાઈ સલીમભાઈ સેલોત નામનાં ૨૫ વર્ષિય યુવકે તેજ ગામે રહેતા આરોપી જગદીશભાઈ સરવૈયા પાસેથી તા. ૧/૧/૨૧ થી તા. ૨/૭/૨૪ દરમ્યાનવ્યાજે રૂપિયા ૪,૪૭,૦૦૦ લીધેલ હતા. બાદમાં યુવકે વ્યાજ સહિત રૂપિયા ૫,૫૦,૦૦૦ આરોપીને આપેલ હોવા છતાં યુવક પાસે વધુ રૂપિયા ૧,૮૦,૦૦૦ ની માંગણી કરી યુવક પાસેથી આરોપી બળજબરીપૂર્વક પૈસા કઢાવવા માંગતા હોય તેમજ પૈસા કે વ્યાજ નહી આપે તો તારી દુકનનો સામાન ભરી લઈશ અને તને મારવો પડે તો મારી નાખીશ તેવી ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

---

## અરીઠીયા ફીડરમાં વીજ સમસ્યા બાબતે

# ધારીનાં નવાગામમાં રહેતા પ્રવિણભાઈ નસીતે વીજકર્મીઓને ધમકી આપી

**વીજકર્મીએ સ્થાનિક પોલીસમાં ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા. ૩

ધારીના પ્રેમપરામાં રહેતા અને ઈલેકટ્રોનીક આસિસ્ટન્ટ તરીકે કામ કરતાં અલ્પેશભાઈ ભુપતભાઈ ગેડીયા નામનાં ૩૪ વર્ષિય યુવકને તા. ૧ નારાત્રે ૮ વાગ્યે ધારીના નવાગામ રહેતા પ્રવિણભાઈ નસીત નામનાં ઈસમે ફોન કરી જણાવેલ કે, અરીઠીયા ફીડરમાં પાવર આવતો નથી તમારા અધિકારીના મોબાઈલ નંબર આપો. જેથી યુવકે અધિકારીના નંબર હું ન આપી શકુ તેમ કહેતા આરોપીને સારૂ નહી લાગતા એકદમ ઉશ્કેરાઈ જઈ ઉગ્ર થઈ યુવકને જેમફાવે તેમ ખરાબ ગાળો આપવા લાગેલ અને ટાંટીયા ભાંગી નાખવાના છે તેવી ધમકી આપેલ. જેથી સહ કર્મી એ.એમ. લીંબાસીયાએ આરોપી સાથે વાત કરી જણાવેલ કે, અરીઠીયા ફીડરમાં હાલ ફોલ્ટ હોય જેથી પાવર આપી શકીએ તેમ નથી. જેથી તેઓને પણ જેમફાવે ગાળો તથા ટાંટીયા ભાંગી નાખીશ તેવી ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

---

## ધારાસભ્ય કસવાલાની મહેનત રંગ લાવી

# સાવરકુંડલા ખાતે જિલ્લાનું સૌપ્રથમ ક્રિકેટ સ્ટેડિયમ બનાવવાની મંજૂરી

**ક્રિકેટ પ્રેમીઓમાં ખુશીનો માહોલ**

સાવરકુંડલા, તા. ૩

સાવરકુંડલા પંથકનાં છેવાડાનાં ક્રિકેટ પ્રેમીઓમાં પડેલી રમતગમત પ્રત્યે અવેરનેસ વધે તથા યુવાનોની ક્ષમતા બહાર લાવવાનાં મુખ્ય ધ્યેય સાથે સાવરકુંડલા શહેર નજીક મહુવારોડ ખાતે સ્પોર્ટ્સ સંકુલની બાજુમાં ૧૫ વિઘામાં ધારાસભ્ય કસવાલાની રજુઆતને ધ્યાને લઈ રાજય સરકારે જિલ્લાનું પ્રથમ ક્રિકેટ ગ્રાઉન્ડ બનાવવા માટે મંજૂરી આપવામાં આવેલ છે.

સાવરકુંડલા પંથકનાં યુવાનોમાં ક્રિકેટ પ્રત્યે જબરો લગાવ છે ત્યારે ક્રિકેટ પ્રેમીઓની લાગણીને ધ્યાને રાખીને ધારાસભ્ય મહેશભાઈ





કસવાલાએ રાજય સરકારમાં રજુઆત કરીને જિલ્લાનું પ્રથમ ક્રિકેટ ગ્રાઉન્ડ બનાવવા માટેની મંજૂરી આપેલ. જેમાં ધારાસભ્ય કસવાલાની મહેનત રંગ લાવી જેથી ક્રિકેટ પ્રેમીઓમાં હર્ષની લાગણી જોવા મળી રહી છે અને ધારાસભ્ય કસવાલાને ફોનથી અભિનંદનની વર્ષા થઈ રહી છે.

## કલાસ વનથી લઈને કલાસ–થ્રી સુધીનાં અધિકારીઓની કામગીરીની સમીક્ષા સાથે

# માર્ગ–મકાન વિભાગનાં અધિકારીઓની સંપત્તિની તપાસ કરો

**બાંધકામ એજન્સીનાં નબળા બાંધકામો સામે આંખ મિચામણા કરવામાં કમિશન લેનારાઓને ઘરભેગા કરવાની જરૂર**

**સામાન્ય વરસાદ પડતાં જ માર્ગો અને સરકારી મકાનો ભ્રષ્ટ અધિકારીઓનાં કારનામાનો કરે છે પર્દાફાશ**

**પોઈન્ટ ૧૦થી લઈને એકથી દોઢ ટકા કમિશન મેળવીને તગડી કમાણી કરનાર સામે કાર્યવાહી જરૂરી**

**દર વર્ષે સરકાર તરફથી મળતી કરોડો રૂપિયાની ગ્રાન્ટમાંથી લાખો રૂપિયાની કટકી ભ્રષ્ટાચારીઓ કરે છે ઘરભેગી**

અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લામાં છેલ્લા અઠવાડીયામાં પડેલ વરસાદે જિલ્લામાં કાર્યરત માર્ગ–મકાન પંચાયત (સ્ટેટ) વિભાગની પોલ ખોલી છે અને કરોડો રૂપિયાનાં ખર્ચે બનેલ માર્ગમાં ઠેર–ઠેર ગાબડા પડયાનાં દ્રશ્યો સામે આવી રહ્યા છે. તો સરકારી મકાનોમાં પણ ઠેકઠેકાણે પાણી પડી રહ્યાનું બહાર આવેલ છે.

અમરેલી જિલ્લામાં માર્ગ–મકાન વિભાગ ધ્વારા આજકાલથી નહી વર્ષોથી ભ્રષ્ટાચારે પગપેસારો કર્યો છે. વર્ગ–૩થી લઈને વર્ગ–૧ સુધીનાં અધિકારીઓ પૈકીનાં મોટાભાગનાં અધિકારીઓ પાસે બાંધકામ એજન્સીનાં ભ્રષ્ટાચાર સામે આંખ મિંચામણા કરવાનાં નામે પોઈન્ટ ૧૦ લઈને દોઢથી બે ટકાનું કમિશન પહોંચી રહ્યું હોય ભ્રષ્ટ અધિકારીઓ પાસે આલિશાન કાર, બંગ્લો, સોનુ, બેંક બેલેન્સ અને અન્યત્ર રોકાણ કરવામાં આવતું હોવાનું પણ જાણવા મળેલ છે.

રાજય અને કેન્દ્ર સરકાર તરફથી દર વર્ષે એક હજાર કરોડ રૂપિયા કરતા વધારેની રકમ જિલ્લામાં માર્ગો, પુલો અને મકાનો બનાવવા માટે ફાળવાતી હોય છે અને આ રૂપિયા જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસા હોય છે. જેનો કરકસરથી ઉપયોગ કરવાને બદલે અમુક ભ્રષ્ટ અધિકારીઓ બાંધકામ એજન્સી સાથે મિલીભગત રચીને કાળી કમાણી કરી રહ્યા હોય રાજયનાં મુખ્યમંત્રીએ એસીબી સહિતની તપાસ એજન્સીને ખાનગીમાં સર્વે કરવાનો આદેશ આપે તો કરોડો રૂપિયાનું કાળુ ધન ઝડપાઈ તેવી શકયતાઓ જોવા મળી રહી છે.

### શહેર અને તાલુકા ભાજપ પરિવાર દ્વારા

## બાબરા ખાતે ડો. શ્યામા પ્રસાદજીનાં જન્મદિને વિચાર ગોષ્ઠી કાર્યક્રમ યોજાયો

**મોટી સંખ્યામાં આગેવાનો ઉપસ્થિત રહ્યા**

બાબરા, તા. ૩

બાબરામાં શહેર અને તાલુકા ભાજપ દ્વારા ડો. શ્યામા પ્રસાદ મુખર્જીની જન્મદિને અહીં માર્કેટિંગ યાર્ડ ખાતે વિચાર ગોષ્ઠિ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ અવસરે ભારતીય જનતા પાર્ટીનાં જિલ્લા ભાજપનાં મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયા, માર્કેટીંગ યાર્ડનાં ચેરમેન જીવાજી ભાઈ રાઠોડ, તાલુકા ભાજપ પ્રમુખ અશોકભાઈ રાખોળિયા, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, શહેર ભાજપ મહામંત્રી બીપીનભાઈ રાદડિયા, જિલ્લા પંચાયતનાં સભ્યની તિનભાઈ રાઠોડ, પાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર, ઉપ પ્રમુખ અંકુર ભાઈ જસાણી, યુવા મોરચાનાં પ્રમુખ હરેશભાઈ આખજા સહિત તાલુકા અને શહેર ભાજપનાં હોદ્દેદારો તેમજ તાલુકા પંચાયત અને નગરપાલિકાનાં ચૂંટાયેલા સભ્યો


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

જિલ્લા પંચાયતનાં ચૂંટાયેલા સભ્યો મોરચાનાં પ્રમુખ મહામંત્રી તેમજ યુવા મોરચા અને અન્ય કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

## બગસરાની તાલુકા શાળા ખાતે પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૩

બગસરા તાલુકા શાળામાં ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ તથા જિલ્લા શિક્ષણ કચેરીનાં માર્ગદર્શન હેઠળ વર્ષ ૨૦૨૪–૨૫નો શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ કાર્યક્રમ બગસરા તાલુકા મામલતદાર આર.જી. ઝાલાનાં અધ્યક્ષ સ્થાને દબદબાભેર ઉજવાયો હતો. આ કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ ધીરુભાઈ કોટડીયા, મનોજભાઈ મહિડા, શહેર ભાજપ મહામંત્રી અશોકભાઈ પંડયા, પત્રકાર સમીરભાઈ વિરાણી શાળા વ્યવસ્થાપન સમિતિના અધ્યક્ષ ગોપાલભાઈ ડાભી, મ.પ્રો.સભ્ય ગીતાબેન હડીયલ લાઈઝન રસિકભાઈ વગેરે ઉપસ્થિત રહી આંગણવાડી, બાલવાટિકા તથા ધો. ૧ના બાળકોને પ્રવેશ આપી પ્રોત્સાહિત કરાયા હતા. વર્ષ દરમ્યાન પરીક્ષાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને સન્માનિત કરાયા. ગ્રીન લાઈફ શરાફી સહકારી મંડળી લી. બગસરા દ્વારા પ્રવેશ પામતા બાળકોને દફતર અપાય તેમજ સ્વ. ચંદ્રકાંત મોહનભાઈ રંગાડીયા, હ. અમિત ચંદ્રકાંત રંગાડીયા દ્વારા શાળાનાં વિદ્યાર્થીઓને તિથિ ભોજન અપાયુ તથા મહાનુભાવો દ્વારા દાતાઓને બિરદાવ્યા હતા. મહેમાનો દ્વારા વૃક્ષારોપણ કરાયુ તેમજ નૂતન પ્રજ્ઞા વર્ગ સાહિત્ય તેમજ નિપુણ ભારત મિશન અંતર્ગત અપાયેલ નવિન સાહિત્યના સ્ટોલની મુલાકાત લઈ પ્રોત્સાહિત કરાયેલા તથા તમામ શાળા પરિવાર દ્વારા જહેમત ઉઠાવાયેલ.

### ડો. શ્યામા પ્રસાદ મુખરજીની જન્મજયંતિ નિમિત્તે

## લીલીયા મોટા ખાતે ભાજપ દ્વારા વિચાર ગોષ્ઠી કાર્યક્રમ યોજાયો

**તાલુકા ભાજપ પ્રમુખે મતદારો તેમજ કાર્યકરોનો આભાર માન્યો**

લીલીયા મોટા, તા. ૩

લીલીયા મોટાનાં ભાભા માર્કેટિંગ યાર્ડ ખાતે પ્રદેશ બક્ષીપંચ મોરચાનાં મંત્રી મયુરભાઈ માંજરીયાનાં અધ્યક્ષ સ્થાને શ્યામા પ્રસાદ મુખરજીની જન્મ જયંતી નિમિત્તે વિચાર ગોષ્ટી કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ડો.શ્યામા પ્રસાદ મુખર્જીએ દેશ માટે આપેલ બલિદાન બદલ વિચાર ગોસ્ટી કરેલ સાથે સાથે લીલીયા તાલુકા ભાજપ પ્રમુખ ભનુભાઈ ડાભી દ્વારા સંગઠનની મળેલ પ્રથમ મીટીંગ દરમિયાન બંને જિલ્લા પંચાયતનાં સદસ્યો વિપુલભાઈ દુધાત, રમીલાબેન ધોરાજીયા સહિત તાલુકા પંચાયતનાં સદસ્યો સેલ મોરચાનાં હોદ્દેદારો તેમજ પેઈજ પ્રમુખ સહિતના તમામ કાર્યકરો તેમજ મતદારોનો આભાર માનેલ. જેમાં લીલીયા તાલુકામાં



ભાજપાનાં સાંસદ ભરતભાઈ સુતરિયાને ૫૨૦૦ જેવી જંગી લીડ મળવા બદલ તાલુકા ભાજપ પ્રમુખ દ્વારા તમામ મતદારો તેમજ લીલીયા તાલુકા ભાજપનાં ચૂંટાયેલા પદાધિકારીઓ હોદ્દેદારો સહિત પેઈજ પ્રમુખોનો આભાર માનેલ સાથે સાથે ભાજપનાં બે કાર્યકરો જેમાં ગભરૂભાઈ ડાભી તેમજ વાસુરભાઈ ગરાણીયા ખારા વાળાનું અવસાન થતાં, બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ તકે લીલીયા જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ દુધાત, ભીખાભાઈ ધોરાજીયા મહામંત્રી ગેતમભાઈ વિછીયા, જીગ્નેશ સાવજ તાલુકા પંચાયત સદસ્ય ઘનશ્યામ મેઘાણી, યુવા ભાજપ પ્રમુખ આનંદ ધાનાણી, બક્ષીપંચ મોરચાનાં પ્રમુખ પરેશ પહાડા, ભીખાભાઈ ધારીયા, મનસુખભાઈ ગાંગડીયા તુષાર ધોરાજીયા સહિતના મોટી સંખ્યામાં તાલુકાભરનાં કાર્યકરો ઉપસ્થિત રહેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## બગસરા ખાતે ડો. શ્યામા પ્રસાદ મુખર્જીનાં જન્મ દિને વિચાર ગોષ્ઠીનો કાર્યક્રમ યોજાયો


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૩

બગસરા તાલુકા તેમજ બગસરા શહેર ભાજપનાં હોદેદારો તેમજ મોરચાનાં તેમજ મહામંત્રી તેમજ બગસરા તાલુકા પંચાયતના સદસ્યો તેમજ બગસરા નગરપાલીકાનાં સદસ્યો તેમજ બગસરા તાલુકાના સરપંચ કાર્યક્રમમાં હાજર રહયા હતા.

## રાહુલ ગાંધીનાં નિવેદનને મનિષ સંઘાણીએ વખોડી કાઢયું

અમરેલી, તા. ૩

વિપક્ષના નેતા રાહુલ ગાંધી દ્વારા લોકસભામાં હિન્દુઓને હિંસક જેવા કરેલ નિવેદનને વખોડી કાઢતા ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ મનીષ સંઘાણીએ જણાવ્યું હતું કે ભારત દેશમાં કરોડો હિંદુઓ રહે છે જે હિન્દુ હોવાનું ગૌરવ લય રહ્યા છે જેવો વાસુદેવ કુંટુંબની ભાવનાથી કારોડો હિંદુઓ ભારત દેશમાં વસવાટ કરી રહ્યા છે આ કરોડો હિન્દુઓને હિંસક કહીને હિંદુઓનીનું આપામાન કર્યુ છે. હિંદુઓની ભાવનાઓ અને આઝાદી સાથે રાહુલ ગાંધીને રમત રમવાનો કોઈ અધિકાર નથી ત્યારે ભારતના કરોડો હિન્દુઓને હિંસક કહી ખુબજ મોટી ભૂલ કરી છે. રાહુલ ગાંધીએ ભારત દેશના કરોડો હિન્દુઓની માફી માંગવી જોઈએ.

## રાજકોટ ખાતે આહીર સમાજ દ્વારા પસંદગી મેળો યોજાયો

રાજકોટ, તા. ૩

રાજકોટ ખાતે આહિર સમાજ રાધેશ્યામ સેવા ટ્રસ્ટ અમરેલી દ્વારા ગુજરાત અને સૌરાષ્ટ્રમાં રહેતા ઉચ્ચઅભ્યાસ કરતા સમસ્ત આહિર સમાજના લગ્નોત્સુક યુવક/યુવતીઓનો ત્રીજો વેવિશાળ પરિચય સમારંભ તા. ૨૮/૭/૨૦૨૪ના રોજ ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

આ વેવિશાળ પરિચય સમારંભમાં ભાગ લેવા માંગતા ફોર્મ અને માહિત ટ્રસ્ટ પ્રમુખ રતનબેન આર. બલદાણીયા, અમરેલી. સ્થળ રાધેશ્યામ ટી.સ્ટોલ, સ્ટેશન રોડ, તાલુકા પોલીસ સ્ટેશનની બાજુમાં, અમરેલી મો.૯૨૬૫૦૪૫૨૦૦ અથવા ઓફિસ સ્થળ જુના માર્કેટીંગ યાર્ડ, ફુટ માર્કેટ, ફુટ માર્કેટ પાસે, પહેલો માળે, દુ.નં.સી/એફ ૧૯, અમરેલીનો સંપર્ક કરવા વિનંતી.








ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

A.P.C.C.S

માત્ર ૨૦ જ મીનીટમાં... ફકત ૯.૯૦%ના વાર્ષિક વ્યાજ દરે અને સરળ પ્રક્રિયા દ્વારા ગોલ્ડ લોન

ધી અમરેલી પીપલ્સ ક્રેડીટ કો-ઓપ. સોસાયટી લી. - અમરેલી

'પીપલ્સ ભવન', ફુટ માર્કેટ, પ્રથમ માળ, ઈન્દીરા શોપીંગ સેન્ટર, અમરેલી.

કોન્ટેકટ નંબર-૦૨૭૯૨-૨૨૦૨૬૪, ૯૪૦૮૫ ૬૨૨૬૪












### કેબિનેટ બેઠકમાં મંજૂરી

# ગુજરાતમાં ૨૪૭૦૦ જગ્યા ઉપર શિક્ષકોની ભરતી કરાશે

## ટેટ અને ટાટ પાસ ઉમેદવારો માટે ખુશીના સમાચાર સરકાર દ્વારા કાયમી શિક્ષકોની ભરતીને લઇને તૈયારી

ગાંધીનગર, તા.૩

રાજ્યની સરકારી પ્રાથમિક અને સરકારી તથા ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિવિધ સ્તરે શિક્ષકોની ભરતી પ્રક્રિયાના સમયબદ્ધ આયોજન માટેના સૂચિત ભરતી કેલેન્ડરને આખરી ઓપ આપ્યો છે. શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડીંડોર તેમજ રાજ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાના સીધા માર્ગદર્શન હેઠળ આ સૂચિત ભરતી કેલેન્ડરનાં સમયબદ્ધ અમલીકરણ થકી આગામી ઓગષ્ટ-૨૦૨૪થી ડિસેમ્બર-૨૦૨૪ દરમિયાન જુદી-જુદી સંભવિત તારીખોએ વિવિધ જગ્યાઓ પર અંદાજે ૨૪,૭૦૦થી વધુ શિક્ષકોની ભરતી પ્રક્રિયા માટેની જાહેરાત પ્રસિદ્ધ કરીને ભરતીની પ્રક્રિયા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

રાજ્ય સરકારના પ્રવકતા મંત્રી ઋષિકેશ પટેલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વની વર્તમાન સરકારે રાજ્યના યુવાઓના વિશાળ હિતમાં કરેલા આ મહત્વપૂર્ણ આયોજનની વિસ્તૃત વિગતો આપી હતી. ભરતી પ્રક્રિયાના સૂચિત કેલેન્ડર અનુસાર ગ્રાન્ટેડ શાળાઓમાં આચાર્ય (HMAT PASS ઉમેદવારો)ની ૧૨૦૦ જેટલી અંદાજિત સંખ્યા અને ગ્રાન્ટેડ શાળાઓમાં જુના શિક્ષકની અંદાજિત ૨૨૦૦ જેટલી જગ્યાઓ ભરવા માટે સંભવિત જાહેરાતની તા. ૦૧/૦૮/૨૦૨૪ રહેશે. ઋષિકેશ પટેલે વધુમાં કહ્યું કે, સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ અને ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક (TAT HIGHER SECONDARY પાસ ઉમેદવારો)ની કુલ મળીને અંદાજે ૪૦૦૦ જેટલી જગ્યાઓ જેમાં સરકારી ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક માટે ૭૫૦ અને ગ્રાન્?ટેડ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક માટે ૩૨૫૦ જગ્યાઓનો સમાવેશ થાય છે તેની સંભવિત જાહેરાતની તા. ૦૧/૦૯/૨૦૨૪ રહેશે.

આ ઉપરાંત સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની કુલ ૩૫૦૦ જગ્યાઓ માટેની જાહેરાતની સંભવિત તા.૦૧/૧૦/૨૦૨૪ રહેશે જેમાં સરકારી માધ્યમિક શિક્ષણ સહાયક (AT SECONDARY પાસ ઉમેદવારો)ની ૫૦૦ જગ્યા અને ગ્રાન્ટેડ માધ્યમિક શિક્ષણ સહાયક (TAT SECONDARY પાસ ઉમેદવારો)ની ૩૦૦૦ જગ્યા માટે ભરતી જાહેરાત થશે. સરકારી ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં ગુજરાતી માધ્યમમાં વિદ્યાસહાયક તરીકે TET-2 પાસ ઉમેદવારો માટેની અંદાજે ૭૦૦૦ જગ્યાઓ માટેની સંભવિત ભરતી જાહેરાતની તા. ૦૧/૧૧/૨૦૨૪ રહેશે. સરકારી ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક (અન્ય માધ્યમ) ટેટ-૨ પાસ ઉમેદવારોની અંદાજે ૬૦૦ જેટલી જગ્યાઓ માટે સંભવતઃ તા. ૦૧/૧૧/૨૦૨૪ના રોજ જાહેરાત કરાશે.

આ ઉપરાંત સરકારી પ્રાથમિક શાળાઓમાં ગુજરાતી માધ્યમમાં વિદ્યાસહાયક તરીકે TET-1 પાસ ઉમેદવારો માટેની અંદાજે ૫૦૦૦ જગ્યાઓ માટે તેમજ સરકારી પ્રાથમિક શાળાઓમાં અન્ય માધ્યમમાં વિદ્યાસહાયક તરીકે TET-1 પાસ ઉમેદવારો માટેની અંદાજે ૧૨૦૦ જગ્યાઓ માટે ભરતી માટે સંભવતઃ તા.૦૧/૧૨/૨૦૨૪ના રોજ જાહેરાત થશે. ઋષિકેશ પટેલે વધુમાં કહ્યું કે, TET-1 અને TET-2 ઉમેદવારોના સંબંધિત પરીક્ષાના પ્રમાણપત્રની માન્યતાની અવધિ અંગે રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં મહત્વનાં નિર્ણયો કરવામાં આવ્યા છે.

તેમણે કહ્યું કે, આ નિર્ણયો અનુસાર આજે જાહેર થયેલી ભરતીમાં TET-1માં વર્ષ ૨૦૧૨ થી ૨૦૨૩ સુધી પાસ થયેલા તમામ ઉમેદવારો તથા TET-2 માં ૨૦૧૧ થી ૨૦૨૩ સુધીમાં પાસ થયેલા તમામ ઉમેદવારો ભરતી નિયમોની જોગવાઈ અનુસાર ઉમેદવારી કરી શકશે. આ ભરતી બાદ ૨૦૨૩માં TET-1 અને TET-2 પાસ થયેલા ઉમેદવારોના પ્રમાણપત્રની માન્યતાની અવધિ પ્રમાણપત્ર ઈશ્યુ કર્યાની તારીખથી ૫ વર્ષ અથવા તો NCTE દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત નવું માળખું જાહેર થાય તે બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધીની રહેશે.

એટલું જ નહીં, વર્ષ-૨૦૨૩ પહેલા TET-1 અને TET-2 પરીક્ષા પાસ થયેલા ઉમેદવારોના શિક્ષક યોગ્યતા કસોટીના પ્રમાણપત્ર આ ભરતી પ્રક્રિયા માટે માન્ય ગણાશે.

ત્યારબાદ વર્ષ-૨૦૨૩ પહેલાના શિક્ષક યોગ્યતા કસોટીના પ્રમાણપત્રની અવધિ માન્ય ગણવાની રહેશે નહીં. તેમને વધુમાં જણાવ્યું કે, રાજ્ય સરકારના તા. ૨૯-૦૪-૨૦૨૩ના ઠરાવ પ્રમાણે સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ભરતી માટે TAT-માધ્યમિક અને TAT-ઉચ્ચતર માધ્યમિકના ઉમેદવારો માટે વર્ષ ૨૦૨૩માં લેવાયેલ દ્વિ-સ્તરીય શિક્ષક અભિરૂચી કસોટીના પરિણામને જ ધ્યાને લેવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની કેબિનેટ બેઠકના આ નિર્ણયથી રાજ્યની શાળાઓમાં આ ભરતી દ્વારા પૂરતી સંખ્યામાં શિક્ષકો ઉપલબ્ધ થશે તેમજ યોગ્ય ઉમેદવારોને તક મળશે તેમ તેમણે જણાવ્યું હતું.

### સ્વયંભૂ સંત ભોલે બાબા પોલીસમાં નોકરી કરતા હતા

# મોટા નેતાઓ પણ ભોલે બાબાના દરબારમાં આપે છે હાજરી

## ભક્તોને પ્રસાદ તરીકે પાણીનું કરાય છે વિતરણ : પશ્ચિમ યુપીમાં પ્રભાવ, જાટવ-બાલ્મિકી સમુદાયના વધુ ભક્તો

હાથરસ, તા.૩

હાથરસમાં સત્સંગમાં ભાગ લેનારા સ્વયંભૂ સંત ભોલે બાબાના ૧૧૬ થી વધુ અનુયાયીઓએ જીવ ગુમાવ્યો હતો. પોતાને વિશ્વ હરિના ચોકીદાર ગણાવતા સ્વયં ઘોષિત સંત એક સમયે પોલીસમાં નોકરી કરતા હતા. તેણે શરૂઆત ૨૬ વર્ષ પહેલા પટિયાલી તાલુકાના એક ગામમાં એક ઝૂંપડીમાંથી કરી હતી. હવે તો મોટા નેતાઓ પણ તેમના દરબારમાં હાજરી આપે છે.

સાકાર વિશ્વ હરિ ભોલે બાબાના સત્સંગમાં નાસભાગમાં ૧૧૬ લોકોએ જીવ ગુમાવ્યા હતા. બાબાના આ સત્સંગનું આયોજન સિકંદરરાવના ફૂલરાઈ વિસ્તારના રતિભાનપુરમાં કરવામાં આવી રહ્યું હતું. માનવામાં આવી રહ્યું છે કે આ અકસ્માતમાં મૃત્યુઆંક વધી શકે છે. આ ભયાનક અકસ્માત બાદ મીડિયાથી દૂર રહેનારા ભોલે બાબા ફરી ચર્ચામાં આવ્યા છે.

સ્વયંભૂ સંત ભોલે બાબા એક સમયે પોલીસમાં નોકરી કરતા હતા. હવે તે પોતાને ભગવાનનો ચોકીદાર કહે છે. જો કે તેમના અસંખ્ય ભક્તો માને છે કે ભોલે બાબા ભગવાનનો અવતાર છે. કાસગંજ જિલ્લાના પટિયાલીના એક નાનકડા ઘરમાંથી સત્સંગની શરૂઆત કરનારા ભોલે બાબાએ હવે પશ્ચિમ યુપી અને રાજસ્થાન અને મધ્યપ્રદેશના કેટલાક જિલ્લાઓમાં પોતાનો પ્રભાવ સંપૂર્ણપણે ફેલાવી દીધો છે.

સ્વયંભૂ સંત સાકર વિશ્વ હરિ ૨૬ વર્ષ પહેલા પોલીસમાં કોન્સ્ટેબલ તરીકે નિયુક્ત થયા હતા. અચાનક ફઈજી લીધા પછી તેમણે પટિયાલીના બહાદુરનગરી ગામમાં તેમની ઝૂંપડીમાંથી સત્સંગ શરૂ કર્યો. એક વાતચીત દરમિયાન ભોલે બાબાએ દાવો કર્યો હતો કે તેમની પાસે કોઈ ગુરુ નથી અને ૧૮ વર્ષ સુધી પોલીસમાં કામ કર્યા પછી અચાનક સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ લીધી હતી.ભગવાન સાથે તેમનો મેળાપ થયો અને આધ્યાત્મિકતા પ્રત્યે લગાવ કેળવતા જ તેમણે સત્સંગમાં ભાગ લેવાનું શરૂ કર્યું. સ્વયંભૂ સંતે ગામડાની ઝૂંપડીમાંથી તેની શરૂઆત કરી. ધીરે ધીરે લોકો તેની વાતોમાં આવવા લાગ્યા અને સાકર વિશ્વ હરિનો પ્રભાવ વધતો ગયો. હવે સાકાર વિશ્વ હરિના દરબારો અનેક વીઘા જમીનમાં ભરાય છે.પટિયાલી તહસીલના બહાદુરનગરી ગામમાંથી ઉભરીને ભોલે બાબાએ પોતાનું વર્ચસ્વ વધારવાનું શરૂ કર્યું છે. હવે સ્વયંભૂ સંત પોતે ઈટા, આગ્રા, મૈનપુરી, શાહજહાંપુર, હાથરસ સહિતના ઘણા જિલ્લાઓમાં પ્રભાવ ધરાવે છે. આ ઉપરાંત પશ્ચિમ યુપીને અડીને આવેલા મધ્યપ્રદેશ અને રાજસ્થાન અને હરિયાણાના ઘણા જિલ્લાઓમાં તેમના મેળાવડા યોજાય છે.સ્વયંભૂ બાબાના મોટા ભાગના ભક્તો ગરીબ વર્ગના છે, તેમાંથી મોટાભાગના જાટવ-બાલ્મિકી અને અન્ય પછાત જાતિઓમાંથી આવે છે. તેમની સંખ્યા લાખોમાં છે ભલે સાકાર વિશ્વ હરિ પોતાને ભગવાનના સેવક કહે છે, તેમના ભક્તો બાબાને ભગવાનનો અવતાર કહે છે.જે પણ ભોલે બાબાના સત્સંગમાં જાય છે તેને પ્રસાદ તરીકે પીવા માટે પાણી આપવામાં આવે છે. બાબાના અનુયાયીઓનું માનવું છે કે આ પાણી પીવાથી તેમની સમસ્યાઓ દૂર થાય છે. ઘણા લોકો તેને ભરીને લઈ જાય છે. પટિયાલી તહસીલના બહાદુર નગરી ગામમાં સ્થિત તેમના આશ્રમમાં બાબાનો દરબાર પણ ભરાય છે. આશ્રમની બહાર એક હેન્ડપંપ પણ છે, દરબાર વખતે આ હેન્ડપંપ પરથી પાણી પીવા માટે કતારો લાગે છે.

જ્યાં પણ સ્વયં ઘોષિત સંત સાકર વિશ્વ હરિનો સત્સંગ યોજાય છે, ત્યાં ગુલાબી વસ્ત્રોમાં તેમના સેવકો તેની ૫૦૦ મીટરની અંદર રસ્તાઓ પર વ્યવસ્થા કરે છે. આ ઉપરાંત તેમના સેવાદાર સંબંધિત શહેરના તમામ ઘણા કિલોમીટર દૂરથી દેખાય છે. જેઓ ટ્રાફિક વ્યવસ્થાના સંચાલનમાં મદદ કરવા સાથે મેળાવડામાં આવતા અનુયાયીઓને કાર્યક્રમના સ્થળ વિશેની માહિતી પણ આપે છે. સમગ્ર રૂટમાં ડ્રમમાં પાણીની વ્યવસ્થા કરવામાં આવે છે.

આ દરબાર ભરાય છે ત્યારે તે સફેદ કપડાં પહેરે છે. તેમની પત્ની પણ તેમની સાથે સ્ટેજ પર બેસે છે, જેને દેવી લક્ષ્મી કહેવામાં આવે છે. તેઓ તેમના ઉપદેશોમાં કહે છે કે તેઓ સાકર વિશ્વ હરિના ચોકીદાર તરીકે કામ કરે છે, સાકર વિશ્વ હરિની ગણતરી સમગ્ર વિશ્વમાં થઈ શકે નહીં. સાકર વિશ્વ હરિ કહે છે કે તેમના સેવકોમાં પણ ભગવાનનો અંશ છે. સ્વયં ઘોષિત સંત એવો પણ દાવો કરે છે કે લાખો ભક્તો તેમના શિષ્યો છે. આશ્રયમાં આવનારા દરેક વ્યક્તિનું કલ્યાણ થાય છે.સ્વયંભૂ સંત ભોલે બાબાનો દરબાર હવે આટલો મોટો થઈ ગયો છે, તેનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે સ્વયંભૂ સંતના મેળાવડામાં યુપીના મોટા નેતાઓએ પણ હાજરી આપી હતી. આ સિવાય યુપીને અડીને આવેલા રાજસ્થાન અને મધ્યપ્રદેશના જિલ્લાઓમાંથી પણ મોટા નેતાઓ બાબાના સ્થાન પર જઈ રહ્યા છે.

### હિન્દુ સંગઠનો દ્વારા હુમલાનો ખતરો

# કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીના નિવાસસ્થાનની સુરક્ષા વધારાઈ

## ઇનપુટ મળતા ગૃહ મંત્રાલયના આદેશ બાદ દિલ્હી પોલીસે રાહુલ ગાંધી અને તેમના નિવાસસ્થાનની સુરક્ષા વધારી

નવી દિલ્હી, તા.૩

સંસદમાં વિપક્ષી નેતા રાહુલ ગાંધીના હિંદુઓને લઈને આપેલા નિવેદનને લઈને ઘણો વિવાદ થયો છે. આ બધાની વચ્ચે દિલ્હી પોલીસને ઈન્ટેલિજન્સ વિભાગ તરફથી ઈનપુટ મળ્યા છે કે હિન્દુ સંગઠનો સાથે જોડાયેલા લોકો કોંગ્રેસ નેતા પર હુમલો કરી શકે છે. આવી સ્થિતિમાં ગૃહ મંત્રાલયના આદેશ બાદ દિલ્હી પોલીસે રાહુલ ગાંધી અને તેમના નિવાસસ્થાનની સુરક્ષા વધારી દીધી છે. આવાસ પર વધારાના દળો તૈનાત કરવામાં આવ્યા છે. તેમજ આ વિસ્તારમાં રહેતા કોંગ્રેસના નેતાઓ પર પણ નજર રાખવામાં આવી રહી છે. નવી દિલ્હીમાં ગુપ્તચર તંત્રને એલર્ટ કરી દેવામાં આવ્યું છે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ સોમવારે હિન્દુઓને લઈને નિવેદન આપ્યું હતું. આ પછી દિલ્હી પોલીસને મોડી રાત્રે ઈનપુટ મળ્યા કે હિન્દુ સંગઠનોના નેતાઓ રાહુલ ગાંધી પર હુમલો કરી શકે છે. આ સંસ્થાઓના લોકો નવી દિલ્હી વિસ્તારમાં પોસ્ટર અને બેનરો વગેરે લગાવી શકે છે. રાહુલ ગાંધીના નિવાસસ્થાને બે પ્લાટૂન ફોર્સ તૈનાત કરવામાં આવી છે. એક પ્લાટૂનમાં ૧૬ થી ૧૮ પોલીસકર્મીઓ હોય છે. આ ઉપરાંત તુગલક રોડ પોલીસ સ્ટેશનમાંથી ૮ થી ૨૦ વધારાના પોલીસકર્મીઓને તૈનાત કરવામાં આવ્યા છે. નવી દિલ્હી જિલ્લાની સરહદો સીલ કરી દેવામાં આવી છે. લોકોને ચેકિંગ કર્યા પછી જ નવી દિલ્હીમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવી રહી છે. નવી દિલ્હી વિસ્તારમાં પેટ્રોલિંગ પણ વધારી દેવામાં આવ્યું છે. નવી દિલ્હી જિલ્લા પોલીસના ડેપ્યુટી કમિશનર દેવેશ મહાલાએ સોમવારે રાત્રે જિલ્લામાં તૈનાત તમામ છઝઁ અને પોલીસ સ્ટેશનના વડાઓને સંદેશ આપ્યો હતો અને તેમને તેમના વિસ્તારોમાં સુરક્ષા વધારવાનો આદેશ આપ્યો હતો. તમામ પોલીસ સ્ટેશનના વડાઓને તેમની ઈન્ટેલિજન્સ સિસ્ટમ મજબૂત કરવા કહેવામાં આવ્યું છે. હિંદુ સંગઠનો પર ચાંપતી નજર રાખવા ઉપરાંત તેમની આગામી રણનીતિ શોધવાના આદેશ પણ આપવામાં આવ્યા છે. નવી દિલ્હી વિસ્તારમાં રહેતા કોંગ્રેસના નેતાઓની ગતિવિધિઓ પર નજર રાખવા પણ કહેવામાં આવ્યું છે.

### ધારાસભ્ય દળની બેઠકમાં લેવાયો નિર્ણય

# હેમંત સોરેન ફરી બનવા જઈ રહ્યા છે ઝારખંડના મુખ્યમંત્રી

## જેલમાંથી છૂટ્યાં બાદ ફરી મુખ્યમંત્રી બનવાની તૈયારી : સોરેનની ધરપકડ બાદ ચંપાઈ સોરેનને બનાવાયા હતા મુખ્યમંત્રી

રાંચી, તા.૩

હેમંત સોરેન ફરી એક વખત ઝારખંડના મુખ્યમંત્રી બનવા જઈ રહ્યાં છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ઝારખંડ મુક્તિ મોર્ચા , કોંગ્રેસ અને રાષ્ટ્રિય જનતા દળના ધારાસભ્ય દળોની મળેલી બેઠકમાં હેમંત સોરેનને ફરી એક વખત રાજ્યના મુખ્યમંત્રી તરીકે પસંદ કરવામાં આવ્યાં છે.

કથિત જમીન કૌભાંડ કેસમાં સોરેનની ધરપકડ બાદ ચંપાઈ સોરેનને મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા હતા. ત્યારે હવે હેમંત સોરેનને જામીન પર છોડવામાં આવ્યાં હોવાથી ચંપાઈ સોરેન રાજીનામું આપશે. સૂત્રો પાસેથી એવી પણ માહિતી મળી છે કે ચંપાઈને ઝારખંડ મુક્તિ મોર્ચાના(JMM) કાર્યકારી અધ્યક્ષ બનાવી શકે છે. કથિત જમીન કૌભાંડ કેસમાં હેમંત સોરેનને હાઈકોર્ટ માંથી જામીન મળ્યાં બાદ ૨૮ જૂનના રોજ જેલમાંથી છોડવામાં આવ્યાં હતાં. જોકે, હેમંત સોરેનની ધરપકડ પછી તેમણે મુખ્યમંત્રી પદ પરથી રાજીનામુ આપ્યું હતું. ત્યારબાદ તેમના નજીકના સહયોગી અને મંત્રી ચંપાઈ સોરેનને રાજ્યની જવાબદારી સોંપવામાં આવી હતી. જેમાં ૨ ફેબ્રુઆરીના દિવસે રાજ્યના ૧૨માં મુખ્યમંત્રી તરીકે ચંપાઈ સોરેને શપથ લીધા હતા.

હાઈકોર્ટમાંથી જામીન મળ્યાં પછી સોરેન ફરી ખુરશી સંભાળી શકશે કે નહીં તેવી અટકળો જોવા મળી છે. ૧૫૦૦ પસંદ કરેલા શિક્ષકોની નિયુક્તિના પત્ર વિતરિત કરવા સહિતના મુખ્યમંત્રી ચંપાઈ સોરેનના મહત્વપૂર્ણ કાર્યો અચાનક રદ કરવામાં આવતાં કોઈ મોટો નિર્ણય લેવાશે તેવી અટકળો ફેલાઈ હતી. આ ઉપરાંત, મંગળવારના રોજ યોજાવા જઈ રહેલા મુખ્યમંત્રીના સાર્વજનિક કાર્યક્રમો રદ કરવામાં આવ્યાં હતાં.રાજ્યમાં જ્યારે આગામી દિવસોમાં વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે, ત્યારે રાજ્યમાં નેતૃત્વ પરિવર્તન થતું જોવા મળી રહ્યું છે. તાજેતરમાં લોકસભાની ચૂંટણીમાં ગઠબંધન દ્વારા સારુ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેલમાંથી બહાર આવ્યાં પછી હેમંત સોરેન ભાજપ પર આક્રમક સાબિત થઈ શકે છે. તેવામાં સોરેન 'પીડિત કાર્ડ' રમત રમીને આગામી ચૂંટણીમાં ભાજપને હાર અપાવવાની કોશિશ કરશે.

### બુમરાહે બનાવી દીધો અનોખો વર્લ્ડ રેકોર્ડ

# બુમરાહ પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ તો બન્યો પરંતુ તેના ખાતામાં એક પણ રન નથી

## ટુર્નામેન્ટમાં બુમરાહને ફક્ત એક જ વખત બેટિંગ કરવાની તક મળી અને તેમાં તે ગોલ્ડન ડકનો ભોગ બન્યો

નવી દિલ્હી, તા.૩

આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ ટુર્નામેન્ટ હાલમાં જ પૂરી થઈ અને ભારતે આ ટુર્નામેન્ટ જીતી લીધી. જેમાં બોલરોનું જબરદસ્ત પરફોર્મન્સ જોવા મળ્યું. જો કે બેટર્સ માટે આ ટુર્નામેન્ટ થોડી પડકારજનક રહી. આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪નો ખિતાબ ટીમ ઈન્ડિયાએ જીત્યો અને જસપ્રીત બુમરાહ પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ જાહેર થયો. બુમરાહે આ એવોર્ડ જીતતાની સાથે જ એક અનોખો વર્લ્ડ રેકોર્ડ પણ પોતાના નામે કર્યો. તેણે કઈક એવું કર્યુ કે જે કોઈ કરી શક્યું નથી.

જસપ્રીત બુમરાહે કઈક એવું કરીને દેખાડ્યું છે કે જે મેન્સ કે વીમેન્સ ટી૨૦ વર્લ્ડ કપમાં મળીને પણ કોઈ કરી શક્યું નથી. બુમરાહ ટી૨૦ વર્લ્ડ કપ ઈતિહાસનો પહેલો એવો ખેલાડી બન્યો છે જે પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ તો બન્યો પરંતુ તેના ખાતામાં એક પણ રન નથી. ટુર્નામેન્ટમાં બુમરાહને ફક્ત એક જ વખત બેટિંગ કરવાની તક મળી અને તેમાં તે ગોલ્ડન ડકનો ભોગ બન્યો હતો. ટીમ ઈન્ડિયાએ સમગ્ર ટુર્નામેન્ટમાં કુલ ૯ મેચ રમી, જેમાંથી બાકીની આઠ મેચોમાં તો બુમરાહને બેટિંગની તક જ નહતી મળી. બુમરાહે ટી૨૦ વર્લ્ડ કપમાં કુલ ૧૫ વિકેટ લીધી અને ટીમ ઈન્ડિયાના સૌથી મોટા ગેમ ચેન્જર તરીકે ઊભરી આવ્યો. ભારતીય ટીમ જ્યારે જ્યારે હારની કગારે પહોંચી ત્યારે બુમરાહે પોતાની બોલિંગથી મેચનું પાસું પલટી નાખ્યું. ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪માં બુમરાહનો ઈકોનોમી રેટ ૪.૧૭નો રહ્યો જે કોઈ પણ મેન્સ ટી૨૦ વર્લ્ડ કપમાં ૧૦૦થી વધુ બોલ ફેંકનારા બોલરોમાં બેસ્ટ ઈકોનોમી રેટ છે. બુમરાહની બોલિંગમાં સમગ્ર ટુર્નામેન્ટમાં કુલ ૧૨ વાર એવું બન્યું કે બોલ બાઉન્ડ્રી પાર ગયો જેમાંથી છગ્ગા તો માત્ર ૨ જ હતા.

બુમરાહ અગાઉ વનડે વર્લ્ડ કપમાં બે ખેલાડીઓ એવા રહ્યા છે જેઓ એક પણ રન કર્યા વગર પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ બન્યા હતા. ગ્લેન મેકગ્રાથે આ કારનામું ૨૦૦૭ વર્લ્ડ કપમાં કર્યુ હતું. જ્યારે ૧૧ મેચમાં તેમને એક પણ મેચમાં બેટિંગ કરવાની તક મળી નહતી. જ્યારે ઓસ્ટ્રેલિયાના જ મિશેલ સ્ટાર્કે પણ આ કારનામું ૨૦૧૫ના વર્લ્ડ કપમાં કર્યુ હતું. ત્યારે સ્ટાર્કને બેટિંગની તક મળી હતી પરંતુ તેના બેટથી એક પણ રન થયો નહતો.

### ઝિકા વાયરસને લઈ કેન્દ્ર સરકાર સતર્ક

# મહારાષ્ટ્રમાં ઝિકા વાયરસના ઘણા કેસ સામે આવ્યા

## સર્વેલન્સ અને સ્ક્રીનિંગ વધારવા સૂચના આપવામાં આવી

મુંબઈ, તા.૩

મહારાષ્ટ્રમાં ઝિકા વાયરસના ઘણા કેસ સામે આવ્યા બાદ કેન્દ્ર સરકાર સતર્ક થઈ ગઈ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે ઝીકા વાયરસને લઈને તમામ રાજ્યોને એડવાઈઝરી જારી કરી છે. આ એડવાઈઝરી હેઠળ તમામ રાજ્યોને સગર્ભા સ્ત્રીઓમાં ઝિકા વાયરસના સંક્રમણના જોખમને ધ્યાનમાં રાખીને સર્વેલન્સ વધારવા અને સ્ક્રીનિંગ વધારવા માટે સૂચના આપવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે મહારાષ્ટ્રના પુણેમાં છેલ્લા ૧૧ દિવસમાં ઝિકા વાયરસના છ કેસ નોંધાયા છે. ૧ જુલાઈના રોજ બે ગર્ભવતી મહિલાઓમાં ઝિકા વાયરસના ચેપની પુષ્ટિ થઈ હતી. આ જ કારણ છે કે કેન્દ્ર સરકાર આ અંગે સતર્ક છે. સરકારે ઝિકા વાયરસથી સંક્રમિત મહિલાઓના ભ્રૂણ પર સતત દેખરેખ રાખવાનો પણ નિર્દેશ આપ્યો છે. હોસ્પિટલો અને આરોગ્ય સુવિધાઓને મચ્છર મુક્ત રાખવા માટે નોડલ ઓફિસરની નિમણૂક કરવા ઉપરાંત રહેણાંક વિસ્તારો, શાળાઓ, બાંધકામ સ્થળો અને વિવિધ સંસ્થાઓને પણ મચ્છર મુક્ત રાખવા માટે કહેવામાં આવ્યું છે.

ઝીકા વાયરસ પણ ડેન્ગ્યુ અને ચિકનગુનિયા જેવો મચ્છરજન્ય રોગ છે. આ રોગથી સંક્રમિત સગર્ભા સ્ત્રીઓમાં જન્મેલા બાળકોના માથાનું કદ સામાન્ય કરતા ઓછું હોય છે. આ કારણે ઝીકા વાયરસનો ચેપ ચિંતાનો વિષય છે. ભારતમાં વર્ષ ૨૦૧૬માં ઝિકા વાયરસના ચેપનો પ્રથમ કેસ નોંધાયો હતો. ત્યારથી, તમિલનાડુ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, કેરળ, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, દિલ્હી અને કર્ણાટકમાં પણ ચેપના કેસ નોંધાયા છે. ૨ જુલાઈ સુધીમાં, મહારાષ્ટ્રના પુણેમાં ઝિકા વાયરસના છ કેસ નોંધાયા છે.

ઝિકા વાયરસના ચેપથી પીડિત લોકોમાં માથાનો દુખાવો, તાવ, સાંધાનો દુખાવો, ચામડી પર ફોલ્લીઓ, આંખોની સફેદીમાં લાલાશ અને સ્નાયુઓમાં દુખાવો જેવા લક્ષણો દેખાય છે. ઝિકા વાયરસનું નામ યુગાન્ડાના ઝિકા જંગલોના નામ પરથી રાખવામાં આવ્યું છે. વર્ષ ૧૯૪૭માં અહીં પહેલીવાર આ રોગના લક્ષણો જોવા મળ્યા હતા. પાંચ વર્ષ પછી, યુગાન્ડા અને તાન્ઝાનિયાના લોકોમાં પણ આ વાયરસનો ચેપ જોવા મળ્યો

### હોટલાઇન પર સ્થાનિક અધિકારીઓ સાથે વાત કરી

# કેબિનેટ મંત્રી બાવળીયાએ ફ્લડ કંટ્રોલ સેલમાં જઈ વરસાદની સ્થિતિની સમીક્ષા કરી

## ૧૨ હોટલાઇન તેમજ ૧૪ સેટેલાઇટ ફોન કાર્યરત કરાવાયા

ગાંધીનગર, તા.૩

રાજ્યમાં સાર્વત્રિક વરસાદની પરિસ્થિતિને ધ્યાને રાખીને સ્ટેટ વોટર ડેટા સેન્ટર ગાંધીનગર સ્થિત 'Flood Control cell'ની આજે જળ સંપત્તિ મંત્રી કુંવરજી બાવળીયાએ રૂબરૂ મુલાકાત કરીને અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી જરૂરી સૂચનો કર્યા હતા. મંત્રી કુંવરજીભાઈએ કહ્યું હતું કે, ઉપરવાસમાં અથવા સ્થાનિક સ્તરે જ્યારે વધુ વરસાદ થાય ત્યારે સ્થાનિક જળાશયોમાં પાણીની આવક થતી હોય છે. આ સમયે સાવચેતીના ભાગરૂપે હાઈ એલર્ટ,એલર્ટ અને વોર્નિંગ જાહેર કરવામાં આવે છે તેનો સંબંધિત અધિકારીઓને સિસ્ટમ જનરેટેડ મેસેજ મોકલવાની સાથે એકવાર વાત કરવાની વ્યવસ્થા કરવી જોઈએ જેથી જાન-માલહાનિ ટાળી શકાય.

તેમણે કહ્યું હતું કે,ભારે વરસાદની પરિસ્થિતિને પહોંચી વળવા સ્ટેટ વોટર ડેટા સેન્ટર ખાતે દર વર્ષે તા ૦૧ જૂનથી ૦૧ ઓક્ટોબર દરમિયાન ફ્લડ સેલ કાર્યરત કરવામાં આવે છે.જેમાં આકસ્મિક સંજોગોમાં જિલ્લામાંથી ત્વરિત માહિતી -વિગતો માટે રાજ્ય સરકાર દ્વારા ૧૨ હોટલાઈન તેમજ ૧૪ સેટેલાઈટ ફોન ચોવીસ કલાક કાર્યરત કરાવવામાં આવ્યા છે. રિઝર્વર ડેટા મેનેજમેન્ટ સિસ્ટમ અંતર્ગત ડેમ્સ વોર્નિંગ સ્ટેટસ એન્ડ રેઈનફોલના માધ્યમથી રાજ્યમાં વરસાદ અને જળાશયોની સ્થિતિ અંગેની પૃથ્થકરણ સાથેની આંકડા આધારિત અદ્યતન માહિતી આ ડેટા સેન્ટર ખાતે ઉપલબ્ધ કરવામાં આવે છે. જળ સંપત્તિ મંત્રી કુંવરજીભાઈએ આ મુલાકાત દરમિયાન રાજકોટ, મોરબી,ભાવનગર ઝોનમાં હોટલાઈન પર સ્થાનિક અધિકારીઓ સાથે વાત કરી વરસાદ-જળાશયોની વિગતો મેળવીને જરૂર સૂચનાઓ આપી હતી.

મંત્રી સમક્ષ સ્ટેટ વોટર ડેટા સેન્ટરની કામગીરી દર્શાવતું વિવિધ વિગતો સાથેનું પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું. આ મુલાકાત વેળાએ જળસંપતિ વિભાગના સચિવ કે. બી. રાબડીયા, મધ્ય ગુજરાત ઝોનના મુખ્ય ઈજનેર એમ. ડી. પટેલ, સુપ્રિટેન્ડેન્ટ ઈજનેર એ.એચ.જોષી સહિત અધિકારીઓ અને કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### એક વ્યક્તિ ઇજાગ્રસ્ત થતા હોસ્પિટલ ખસેડાયો

# સુરતમાં મહિધરપુરા ભવાની વળ ખાતે જર્જરીત મકાન ધરાશાયી

## જર્જરિત મકાનને આપવામાં આવી હતી નોટિસ

સુરત, તા.૩

સુરતમાં ચોમાસુ જામી રહ્યું છે ત્યારે શહેરના સેન્ટ્રલ ઝોનમાં મહિધરપુરા ભવાની વળ ખાતે એક જર્જરીત મકાન ધસી પડ્યો છે. આજે દરેક મકાનમાં રહેતા એક વ્યક્તિને માથામાં ઈજા થતા ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા ચોમાસા દરમિયાન કોઈ દુર્ઘટના ન ઘટે તે માટે જર્જરીત મકાનોને નોટિસ આપવામાં આવે છે. જોકે પાલિકા નોટીસ આપીને કામગીરી કર્યાનો સંતોષ માને છે તેના કારણે દર વખતે ચોમાસામાં મકાન પડી જવાની ઘટના બની રહે છે.

આ વર્ષે પણ સુરત મહાનગરપાલિકાએ સંખ્યાબંધ મિલકતોને નોટિસ આપી હતી તેમાંથી કેટલીક મિલકતો ઉતારી લેવામાં આવી છે. તેમ છતાં હજી પણ સેન્ટ્રલ જૂનમાં અનેક મિલકતો જર્જરરીત છે અને તેમાં લોકો વસવાટ પણ કરે છે.

આવી જ એક મિલકત મહિધરપુરા ભવાની વડ ખાતે આવી છે મિલકત નંબર ૫/૧૦૭૮ અને ૫/૧૦૭૯ વાડી મિલકત આજે અચાનક ધસી પડી હતી. આ મિલકતમાં રહેતી એક વ્યક્તિને માથામાં ઈજા થતાં તેને ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

### ગૃહ રાજ્યમંત્રી, મુખ્ય સચિવ, પોલીસ મહાનિદેશક ઉપસ્થિત

# રથયાત્રાને લઈને મુખ્યમંત્રીએ ઉચ્ચસ્તરીય બેઠકમાં સમીક્ષા કરી

## લોકોના જાનમાલની સલામતી માટે જર્જરિત-ભયજનક ઇમારતો-મકાનો પર પોલીસ બંદોબસ્ત ગોઠવીને લોકો ત્યાં ન જાય તે સુનિશ્ચિત કરવા મુખ્યમંત્રીની તાકીદ

અમદાવાદ,તા.૩

અમદાવાદની ૧૪૭મી જગન્નાથ રથયાત્રા માટે આઈ.જી. કક્ષાના અધિકારીઓથી લઈને પોલીસ કર્મીઓ સુધી મળી કુલ ૧૮,૭૮૪ સુરક્ષા કર્મીઓ રથયાત્રામાં ફરજ પર રહેશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પરંપરાગત રથયાત્રાની ૧૪૭મી કડી સફળતાથી સાકાર થાય તે માટેના કાર્ય આયોજનની ઉચ્ચ સ્તરીય બેઠકમાં ઝીણવટ પૂર્વક સમીક્ષા કરી. ગૃહ રાજ્યમંત્રી, મુખ્ય સચિવ, પોલીસ મહાનિદેશક બેઠકમાં ઉપસ્થિત રહ્યા. લોકોના જાનમાલની સલામતી માટે જર્જરિત-ભયજનક ઈમારતો-મકાનો પર પોલીસ બંદોબસ્ત ગોઠવીને લોકો ત્યાં ન જાય તે સુનિશ્ચિત કરવા મુખ્યમંત્રીની તાકીદ.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં પ્રતિ વર્ષે અષાઢી બીજે યોજાતી પરંપરાગત રથયાત્રાની ૧૪૭ મી કડી શાંતિ-સલામતી સાથે સફળતાપૂર્વક પાર પાડવાની પોલીસ તંત્રની સજ્જતાની ગાંધીનગરમાં ઉચ્ચસ્તરીય બેઠકમાં ઝીણવટ પૂર્વક સમીક્ષા કરી હતી.ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ રાકેશ, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોષી, પોલીસ મહાનિદેશક વિકાસ સહાય સહિત અમદાવાદ પોલીસ કમિશનર જી.એસ. મલિક અને વરિષ્ઠ અધિકારીઓ આ ઉચ્ચસ્તરીય બેઠકમાં જોડાયા હતા. મુખ્યમંત્રીએ અમદાવાદ સહિત રાજ્યમાં અનેક સ્થળોએ યોજાતી રથયાત્રા જન ઉમંગ અને ઉલ્લાસનું ધર્મપર્વ છે તે સંદર્ભમાં કહ્યું કે, ભગવાનના દર્શન માટે લોકો જુના, જર્જરીત મકાનો કે ભયજનક ઈમારતોનો સહારો ન લે તે માટે પોલીસ અને સ્થાનિક પાલિકા તંત્ર સતર્ક રહે તે આવશ્યક છે. તેમણે આવા પોઈન્ટ પર પોલીસ બંદોબસ્ત ગોઠવીને લોકોને જાનમાલની સલામતીના કારણોસર ત્યાં જતા અટકાવવા

ખાસ તાકીદ કરી હતી. અમદાવાદ મહાનગરમાં ભક્તિભાવપૂર્ણ વાતાવરણમાં યોજાતી આ રથયાત્રા ૧૬ કિલોમીટર લાંબા રૂટ પરની કાયદો વ્યવસ્થા તેમજ રથયાત્રા દરમિયાનની સુરક્ષા-સલામતી વ્યવસ્થાઓ અંગે અમદાવાદ શહેર પોલીસ કમિશનરે વિસ્તૃત પ્રેઝન્ટેશન કર્યું હતું. રથયાત્રાનું ઉમંગ પર્વ શાંતિ-સલામતી ભર્યા માહોલમાં સંપન્ન થાય તે માટે શહેર પોલીસ તંત્રની પ્રતિબદ્ધતા દર્શાવતાં આ પ્રેઝન્ટેમશનમાં પોલીસ કમિશનરશ્રીએ જણાવ્યું કે, રથયાત્રાને સફળ બનાવવા માટે આઈ.જી. કક્ષાથી લઈને પોલીસ કર્મીઓ સુધી કુલ મળીને ૧૮,૭૦૦થી વધુ સુરક્ષા કર્મીઓ ખડે પગે ફરજરત રહેવાના છે. મુખ્યમંત્રી સમક્ષના આ પ્રેઝન્ટેશનમાં જણાવવામાં આવ્યું કે, રથયાત્રામાં જોડાનારા રથો, ટ્રક, અખાડા અને ભજન મંડળીઓ, મહંતશ્રીઓની સુરક્ષા માટે રથયાત્રા સાથે મુવિંગ બંદોબસ્તમાં ૪૫૦૦ જેટલા પોલીસ કર્મીઓ જોડાવાના છે. સમગ્ર યાત્રામાં ટ્રાફિક અડચણ નિવારવા અને સુચારૂ ટ્રાફિક સંચાલન માટે ટ્રાફિક બ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશનરના નેતૃત્વમાં ૧૯૩૧ જવાનો તૈનાત રહેશે. એટલું જ નહિં, ૧૬ જેટલી ક્રેઈનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે તેમ મલિકે ઉમેર્યું હતું.ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ રથયાત્રા દરમિયાન સોશિયલ મીડિયા પ્લેટફોર્મના માધ્યમથી કોઈ અફવા કે ખોટા-ગેરમાર્ગે દોરતા સમાચારો, વિગતો ક્યાંય પ્રસિદ્ધ થાય તો તેની સામે ત્વરાએ સત્ય હકીકતથી લોકોને વાકેફ કરવા પર પોલીસ તંત્ર વિશેષ ધ્યાન આપે તેવું સૂચન કર્યું હતુંઆ સંદર્ભમાં પોલીસ કમિશનરએ રથયાત્રામાં પૂરતા મોનિટરિંગ પ્રબંધન અંગે જણાવ્યું કે, ૪૭ જેટલા લોકેશન્સિ પરથી ૯૬ કેમેરા, ૨૦ ડ્રોન, ૧૭૩૩ બોડીવોર્ન કેમેરા દ્વારા લાઈવ મોનિટરિંગ કરાશે. આ ઉપરાંત ૧૬ કિલોમીટરના સમગ્ર રથયાત્રા રૂટ પર ખાનગી દુકાન ધારકોની સહભાગીતાથી ૧૪૦૦ જેટલા સી.સી.ટી.વી. કેમેરાથી પોલીસ કંટ્રોલરૂમ દ્વારા બાજ નજર રખાશે એમ પણ તેમણે ઉમેર્યું હતું. યાત્રા દરમિયાન કોઈ મેડિકલ ઈમરજન્સી ઊભી થાય કે કોઈ બનાવ બને તો તબીબી સેવાઓ માટે અમદાવાદ મહાપાલિકાની ત્રણ અને રાજ્ય સરકારની સિવિલ તથા સોલા સિવિલમાં મેડિકલ ટીમ સ્ટેન્ડબાય રાખવામાં આવશે. આ ઉપરાંત પાંચ અર્બન હેલ્થ સેન્ટરમાં પણ તાત્કાલિક સારવાર મળી રહેશે. ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાની ૧૧ તથા મ્યુનિસિપલ કોર્પોરેશનની પાંચ એમ્બ્યુલન્સ પણ જરૂરિયાત મુજબ રથયાત્રામાં ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. આ રથયાત્રા દરમિયાન શહેરીજનોને મદદરૂપ થવાના આશયથી યાત્રા રૂટ પર ૧૭ જેટલા જન સહાયતા કેન્દ્રો પણ ઊભા કરવામાં આવશે તેમ પ્રેઝન્ટેશનમાં જણાવવામાં આવ્યું હતું. આ પરંપરાગત રથયાત્રા કોમી એકતા અને સંવાદિતા તથા સૌહાર્દનો ઉત્સવ બને તે માટે રથયાત્રા પૂર્વે શહેર પોલીસ તંત્ર દ્વારા શાંતિ સમિતિની ૧૩૨, મહોલ્લા સમિતિની ૧૩૬ તેમજ મહિલા સમિતિની ૩૮ બેઠકો વિવિધ ધર્મગુરુઓ સાથે ૧૮ બેઠકો અને ભગવાનના રથ ખેંચનારા ખલાસી ભાઈઓ, અખાડા સંચાલકો સાથે ૨૫ જેટલી બેઠકો યોજવામાં આવી હતી. એટલું જ નહિં, એકતા કપ ક્રિકેટ મેચ, વોલીબોલ ટુર્નામેન્ટ, મહેંદી સ્પર્ધા, બ્લડ ડોનેશન કેમ્પ જેવા સામાજિક એકતાની ચેતના જગાવતા આયોજનો પણ સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યા હોવાનું મુખ્યમંત્રીશ્રી સમક્ષ આ પ્રેઝન્ટેશનમાં જણાવવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ ઉપરાંત રાજ્યભરમાં જે જે સ્થળોએ રથયાત્રા યોજવામાં આવે છે ત્યાં બધે જ શાંતિ, સલામતી સુલેહના વાતાવરણમાં યોજાય તે માટે રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય પાસેથી પણ જરૂરી વિગતો મેળવી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રથયાત્રાનું આ ઉમંગ પર્વ જન ભાગીદારી, પોલીસ તંત્રની સતર્કતા અને સુરક્ષા પ્રતિબદ્ધતા સાથે સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થશે જ તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો. આ સમીક્ષા બેઠકમાં અમદાવાદના અધિક પોલીસ કમિશનરશ્રી તેમજ ક્રાઈમ બ્રાન્ચ અને ટ્રાફિક બ્રાન્ચ ના સંયુક્ત પોલીસ કમિશનર પણ ઉપસ્થિત રહ્યા હતા.

### ભક્તો દર્શન કરી શકે તે માટે મામેરુ મંદિરમાં ખુલ્લુ મુકાયું

# વાજતે-ગાજતે અને શોભાયાત્રા સાથે નિજમંદિરે લવાયું મામેરું

## મનોહારી પાઘ, વાઘા, આભૂષણોના ભક્તોને દર્શનનો લાભ મળ્યો

અમદાવાદ, તા.૩

રથયાત્રાના હવે ગણતરીના દિવસો જ બાકી છે. ત્યારે અમદાવાદના જગન્નાથ મંદિરમાં રથયાત્રાના પગલે તડામાર તૈયારીઓ થઈ રહી છે. આજે અમદાવાદના જગદીશ મંદિરમાં ભગવાનના મામેરુ લવાયું છે. ભવ્ય શોભાયાત્રા સાથે મામેરાને નિજમંદિર લવાયું છે. વાજતે – ગાજતે મંદિરમાં જગન્નાથજીના મામેરાનું આગમન કરવામાં આવ્યું છે.

ભક્તો દર્શન કરી શકે તે માટે મામેરુ મંદિરમાં ખુલ્લુ મુકાયું છે. અમાસથી બીજ સુધીની પ્રભુની ‘શ્રૃંગાર સામગ્રી’ના ભક્તોને દર્શન થયા છે. મનોહારી પાઘ, વાઘા, આભૂષણોના ભક્તોને દર્શનનો લાભ મળ્યો છે. રથયાત્રાના દિવસે પ્રભુ જગન્નાથજીના પ્રસાદનું આગવું મહત્વ હોય છે. રથયાત્રાના પ્રસાદ માટે મંદિર દ્વારા વિશેષ વ્યવસ્થા પણ કરવામાં આવે છે. જેમાં ૩૦ હજાર કિલો મગ, ૫૦૦ કિલો જાંબુ પ્રસાદમાં વહેંચવામાં આવશે.ભક્તોને કેરી, કાકડી અને દાડમનો પણ પ્રસાદ આપવામાં આવશે. આ ઉપરાંત ૨ લાખ શ્રદ્ધાળુઓને ‘ઉપરણા’ પ્રસાદનો લાભ મળશે.

### સૌરાષ્ટ્રના બે ડેમ છલકાતા હાઈ એલર્ટ

# ગુજરાતના ૨૦૬ જળાશયોમાં ૩૨ ટકાથી વધુ જળસંગ્રહ

## રાજ્યના કુલ ૨૦૬ જળાશયોમાં ૧,૮૧,૯૪૭ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૩૨.૪૮ ટકા જેટલો જળસંગ્રહ નોંધાયો

અમદાવાદ,તા.૩

ગુજરાતમાં સાર્વત્રિક વરસાદને પરિણામે રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં ૫૦ ટકાથી વધુ જળસંગ્રહ થયો છે. સરદાર સરોવરમાં હાલમાં ૧,૬૯,૨૪૦ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૫૦.૬૬ ટકા જેટલો જળસંગ્રહ જ્યારે રાજ્યના કુલ ૨૦૬ જળાશયોમાં ૧,૮૧,૯૪૭ એમ.સી.એફ.ટી. એટલે કે કુલ સંગ્રહ શક્તિના ૩૨.૪૮ ટકા જેટલો જળસંગ્રહ નોંધાયો છે. તેમજ જળ સંપતિ વિભાગના અહેવાલમાં જણાવાયું છે. આજે સવારે ૮ કલાકના રિપોર્ટ મુજબ સૌરાષ્ટ્ર વિસ્તારમાં વધુ વરસાદ થતા જામનગર જિલ્લાનો વઘાડિયા ડેમ તથા સુરેન્દ્રનગર જિલ્લાનો વાંસલ ડેમ ૧૦૦ ટકા એટલે કે, સંપૂર્ણ છલકાતા હાઈ એલર્ટ અપાયું છે.આ સિવાય રાજ્યના પાંચ જળાશયો ૮૦ ટકાથી ૯૦ ટકા છલકાતા એલર્ટ આપવામાં આવ્યુ છે. જેમાં જૂનાગઢના ઓઝત-૨, કચ્છના કાલાગોગા, મોરબીના ઘોડાધરોઈ, રાજકોટના ભાદર-૨ અને સુરેન્દ્રનગરના ધોળીધજા ડેમને પણ એલર્ટ અપાયું છે. રાજ્યના કુલ પાંચ જળાશયો ૭૦ ટકાથી ૮૦ ટકા વચ્ચે ભરાતા વોર્નીંગ આપવામાં આવી છે. જેમાં જામનગર જિલ્લાના ફુલઝર-૧, અને ફુલઝર(કેબી), જૂનાગઢના બાંટવા-ખારો, પોરબંદરના સરન તથા રાજકોટના આજી-૨ ડેમનો પણ સમાવેશ થાય છે.

આ ઉપરાંત ,ઉત્તર ગુજરાતના કુલ ૧૫ જળાશયોમાં ૩૫.૩૧ ટકા, મધ્ય ગુજરાતના ૧૭માં ૪૧.૫૯ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩માં ૩૨.૬૨ ટકા જ્યારે સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૨૩ ટકાથી વધુ પાણીનો સંગ્રહ થયો છે.

અહીં ઉલ્લેખનીય છે કે ગત વર્ષે એટલે કે, વર્ષ ૨૦૨૩માં આજના દિવસે ઉત્તર ગુજરાતના કુલ ૧૫ જળાશયોમાં ૪૮.૭૨ ટકા, મધ્ય ગુજરાતના ૧૭માં ૪૨.૦૪ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩માં ૩૫.૩૯ ટકા જ્યારે સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૪૭.૧૮ ટકાથી વધુ પાણીનો સંગ્રહ નોંધાયો હતો તેમ,જળ સંપતિ વિભાગની યાદીમાં વધુમાં જણાવ્યું છે.

### બનાસકાંઠા જિલ્લામાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું

# ઉત્તર ગુજરાતમાં સાર્વત્રિક વરસાદ થયો : લાખણીમાં જળબંબાકાર

## બેચરાજી અને દાંતીવાડામાં ૪-૪ ઇંચ વરસાદ ખાબક્યો : ઠેર-ઠેર પાણી ભરાઈ જતાં લોકોને ભારે હાલાકી પડી

લાખણી,તા.૩

હવામાન વિભાગ દ્વાર બે દિવસ માટે બનાસકાંઠા જિલ્લામાં યલો એલર્ટ જાહેર કરવામાં આવેલ જે અનુસાર બનાસકાંઠા જિલ્લામા મેઘરાજાની પધરામણી થતાંની સાથે જ અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. લાખણીમાં પણ વરસાદની એકાએક એન્ટ્રી થઈ હતી. લાખણીમાં સવારના ૧૦ વાગ્યાથી વરસાદની શરૂઆત થઈ હતી જે બપોરના ૨ વાગ્યા સુધીમાં ૨૦૪ મીમી. એટલે કે, ૮ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો. એકાએક આઠ ઈંચ જેટલો વરસાદ ખાબકવાથી લાખણીના અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થયા હતા. થોડો સમય વિરામ લીધા બાદ ચાર વાગ્યા બાદ ફરી વરસાદ શરૂ થતાં રાત્રે આઠ વાગ્યા સુધી વધુ ત્રણ ઈંચ વરસાદ વધતાં મંગળવારે લાખણીમાં ૧૧ ઈંચ વરસાદ ખાબક્યો હતો. લાખણીમાં વરસાદી પાણીના નીકાલની કોઈ યોગ્ય વ્યવસ્થા ન હોવાના લીધે અનેક જગ્યાઓ પાણીમાં ગરકાવ થઈ જાય છે. લાખણી ખાતેના ડીસા, થરાદ હાઈવે પર નીચાણવાળા વિસ્તારોમાં ઠેર ઠેર પાણી ભરાઈ જતાં હાઈવે પાણીમાં ગરકાવ થયા હતા જેથી વાહન ચાલકોને ભારે મુશ્કેલી થવા પામી હતી. જ્યારે લાખણીમાં જૂના બસ સ્ટેન્ડ પાસેના ગેળા રોડ ઉપર આવેલા શોપિંગ સેન્ટરોની દુકાનોમાં વરસાદી પાણી ફરી વળતા દુકાનોમાં રહેલો માલ સામાન પલળી જવાથી દુકાનદારોને નુકસાન થવા પામ્યું હતું. વરસાદી પાણીના નીકાલની કોઈ યોગ્ય વ્યવસ્થા ન હોવાના લીધે દર વર્ષે પાણી ભરાવવાની સમસ્યાને લઈ દુકાનદારોમાં તંત્ર સામે રોષ જોવા મળી રહ્યો હતો. બનાસકાંઠા જિલ્લાના અન્ય તાલુકાઓમાં પણ જોરદાર વરસાદ વરસ્યો હતો. જેમાં દાંતીવાડામાં ૯૨, વાવમાં ૭૯, સુઈગામમાં ૭૭, થરાદમાં ૬૦, પાલનપુરમાં ૨૫, કાંકરેજમાં ૨૨, દાંતામાં ૧૮, ધાનેરામાં ૧૮, ડીસામાં ૧૦, વડગામ ૧૬, દિયોદર ૦૭, અમીરગઢ ૦૩, દાંતીવાડામાં ચાર ઈંચ, ભાભર ૦૨ મી.મી. વરસાદ થયો છે. જેના પગલે થરાદમાં ઠેર ઠેર પાણી ભરાયા હતા જેમાં બસ સ્ટેન્ડ આગળ, સર્વોદય સોસાયટી પાસે હનુમાન ગોળાઈ સહિતના વિસ્તારોમાં પાણી ભરાતા લોકોને તેમજ વાહન ચાલકોને ચાલવું મુશ્કેલ બન્યું હતું.

### વિડીઓ સોશિયલ મીડિયા પર વાયરલ થઇ રહ્યો છે

# સાંસદે કહ્યું, ‘મેરી આંખોં મેં દેખેં’, સ્પીકર બોલ્યા, ‘નહીં, મૈં નહીં દેખ સકતા’..!

## પાકિસ્તાની સંસદમાં મહિલા સાંસદ અને સ્પીકર વચ્ચે ‘ઇન આંખોં કી મસ્તી’ જેવી રસપ્રદ ઘટના

ઈસ્લામાબાદ, તા.૩

ઉમરાવ જાન ફિલ્મનું લોકપ્રિય ગીત ‘ઈન આંખોં કી મસ્તી કે અફસાને હજારોં હૈં’ જેવો ઘાટ પાકિસ્તાની સંસદમાં જોવા મળ્યો હતો. જ્યારે એક મહિલા સાંસદે સ્પીકરને કહ્યું હતું કે,‘આપ મેરી આંખોં મેં દેખેં સર’. ત્યારે સ્પીકરે એવી કમેન્ટ કરી હતી કે,‘નહીં, મૈં આપકી આંખોં મેં નહીં દેખ સકતા’. આ હળવી શરારત ભરેલી ચર્ચા સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે અને કોઈને એમાં ‘રૂમાનિયત’ પણ જોવા મળી રહી છે. સામાન્ય રીતે કોઈ પણ દેશના સંસદની કાર્યવાહી અત્યંત બોરિંગ અને રસહીન બની જતી હોય છે. પરંતુ ક્યારેક ક્યારેક સાંસદો વચ્ચે અથવા તો સાંસદ અને સ્પીકર વચ્ચે થતી હળવી ટકોર એટલી બધી રસપ્રદ બની જાય છે કે એ કાયમ માટે લોકોને યાદ રહી જાય છે. પાકિસ્તાનની સંસદમાં પણ આવી જ હળવી ઘટના બની હતી જેમાં જરતાજ ગુલ નામની સાંસદે સ્પીકરને કહ્યું હતું કે,‘મારા પક્ષના નેતાઓએ મને શીખવાડ્યું છે કે સામે વાળાની આંખોમાં આંખ નાંખીને વાત કરવી જોઈએ. જ્યાં સુધી તમે મારી આંખોંમાં જોઈને વાત નહીં કરો ત્યાં સુધી હું મારી વાત પુરી નહીં કરી શકું. પ્લીઝ તમે તમારા ચશ્મા પહેરી લો. હું એક નેતા છું અને ૧.૫ લાખ વોટથી જીતીને સદનમાં આવી છું.’ જરતાજની આ ટકોરનો સ્પીકર અયાઝ સાદિકે જવાબ આપ્યો હતો કે,‘હું તમારી વાત સાંભળી રહ્યો છું, પરંતુ તમારી સાથે આઈ કોન્ટેક્ટ નહીં કરી શકું. એક સ્ત્રી સાથે આંખો મિલાવવી યોગ્ય નથી.’ જરતાજે વળતો જવાબ આપ્યો હતો કે,‘જો તમે ૫૨ ટકા મહિલાઓ સાથે આ રીતે જ વાત કરશો તો સદનમાં કેટલાક લોકો જ ચર્ચામાં ભાગ લઈ શકશે.’ જોકે આ ટકોર બાદ પણ સ્પીકરે જરતાજ ગુલ સાથે આંખ મિલાવવાનું ટાળ્યું હતું. પાકિસ્તાની સંસદનો આ રસપ્રદ વીડિયો ટ્વિટર સહિતના સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે અને એને ૧.૩ મિલિયનથી પણ વધુ વ્યૂઝ મળ્યા છે. એક યુઝરે તો એવું પણ લખ્યું છે કે,‘આ વિડીયો ખૂબ મસ્ત છે.’

### હાથરસ દુર્ઘટનામાં ભોલે બાબાનું પહેલું નિવેદન

# હું નીકળી ગયો હતો, તોફાની તત્ત્વોના કારણે નાસભાગ થઈ

## ભોલે બાબાએ આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું હતું

હાથરસ, તા.૩

હાથરસમાં નાસભાગને કારણે ૧૨૨ લોકોના મોત થયા હતા. હજુ પણ ઘણા લોકો ઘાયલ હાલતમાં હોસ્પિટલમાં દાખલ છે. દરમિયાન, જેમના સત્સંગમાં દૂર્ઘટના થઈ એ ભોલે બાબા ઉર્ફે નારાયણ સાકર હરિનું ઘટના અંગે પ્રથમ નિવેદન સામે આવ્યું છે. ભોલે બાબાએ એક નિવેદન જારી કરીને આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે અને દાવો કર્યો છે કે નાસભાગ અસામાજિક તત્વો દ્વારા કરવામાં આવી હતી અને તેમની સામે કાયદેસરની કાર્યવાહી થાય તેવી માગણી કરી હતી.નારાયણ સાકર હરિ ઉર્ફે ભોલે બાબાએ તેમના વકીલ દ્વારા એક નિવેદન જારી કરીને કહ્યું કે, અમે મૃતકોના પરિવારજનો પ્રત્યે ઊંડી સંવેદના વ્યકત કરીએ છીએ અને ઘાયલોની ઝડપથી સ્વસ્થતા માટે ભગવાનને પ્રાર્થના કરીએ છીએ. સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ ડૉ. એ.પી. સિંહને નાસભાગ મચાવનારા અસામાજિક તત્વો સામે કાયદેસરની કાર્યવાહી કરવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે. હું ૨ જુલાઈના રોજ હાથરસના ફુલારી ગામ, સિકંદરરાવ ખાતે આયોજિત સત્સંગમાં દૂર્ઘટના થઈ એ પહેલા જ સત્સંગમાંથી નિકળી ગયો હતો.

આ ઘટના સિકંદરારાઉ વિસ્તારના ફૂલરાઈ ગામમાં માનવ મંગલ મિલન સદભાવના સમિતિએ ૧૫૦ વીઘાના ખુલ્લા મેદાનમાં સત્સંગનું આયોજન કર્યું હતું. પોલીસ એફઆઈઆર મુજબ, કાર્યક્રમમાં ૮૦ હજાર લોકોની હાજરી માટે પરવાનગી લેવામાં આવી હતી અને ત્રણ ગણી વધુ એટલે કે ૨.૫ લાખ લોકોની ભીડ એકઠી થઈ હતી. વ્યવસ્થા પણ બાબાના સેવકો અને આયોજક સમિતિ સાથે સંકળાયેલા લોકો સંભાળે છે. માત્ર ૪૦ પોલીસ કર્મચારીઓ ઘટનાસ્થળે હતા. આ ઘટનાના મુખ્ય આરોપી ઓર્ગેનાઈઝર અને સેવાદાર દેવપ્રકાશ મધુકર છે. તે સિકંદરારાઉનો રહેવાસી છે. તેમજ તેના વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૧૦૫, ૧૧૦, ૧૨૬ (૨), ૨૨૩, ૨૩૮ હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી છે. સવાલ એ છે કે આ અકસ્માત માટે જવાબદાર કોણ? ૮૦ હજારની પરવાનગીમાં ૨.૫ લાખ લોકો કેવી રીતે આવ્યા? શું વહીવટીતંત્રને આ બાબતની જાણ ન હતી?

### SITએ જવાબદારી નક્કી કરતા કરાયા સસ્પેન્ડ

# રાજકોટ અગ્નિકાંડમાં વધુ બે અધિકારીઓ સામે કાર્યવાહી

## આ બે અધિકારીઓ છે પીઆઈ વણઝારા અને પીઆઇ ધોળા : આ બંને અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા

રાજકોટ, તા.૩

રાજકોટ અગ્નિકાંડમાં તપાસ અને કાર્યવાહીનો ધમધમાટ ચાલી રહ્યો છે. પીડિતોના અને મૃતકોના પરિવારો ન્યાય માંગી રહ્યા છે અને એ તરફ પગલાં ભરતાં તપાસ સમિતિ દ્વારા અધિકારીઓ સહિત આરોપીઓ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી રહી છે. SITએ આ સમગ્ર ઘટના મામલે વધુ બે અધિકારીઓ સામે જવાબદારી નક્કી કરતાં હવે તેઓની વિરુદ્ધ પગલાં લેવામાં આવ્યા છે. રાજકોટ અગ્નિકાંડમાં વધુ બે અધિકારીનો ભોગ લેવાયો હોવાના સમાચાર સામે આવ્યા છે. આ બે અધિકારીઓ છે પીઆઈ વણઝારા અને પીઆઈ ધોળા. આ બંને અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ૨૦૨૧ માં આ બંને પીઆઈ રાજકોટમાં હતા જેના માટે SITએ બંનેની જવાબદારી ફિક્સ કરી હતી. ગૃહ વિભાગના રિપોર્ટના આધારે ડીજીપી વિકાસ સહાયે બંનેને સસ્પેન્ડ કર્યા હોવાના સમાચાર સામે આવ્યા છે.

### AAPની મંત્રીઓની સમિતિ સત્ય શોધી કાઢશે

# કોના આદેશ પર દિલ્હીમાં ૧૧૦૦ જેટલાં વૃક્ષો કાપવામાં આવ્યા

## દક્ષિણ દિલ્હીના રિઝર્વ ફોરેસ્ટ એરિયામાં ૧૧૦૦ વૃક્ષોના ગેરકાયદે કાપને લઈને શનિવારે કેજરીવાલ સરકારના તમામ મંત્રીઓની બેઠક યોજાઈ હતી

નવી દિલ્હી, તા.૩

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં ૧૧૦૦ વૃક્ષો કાપવાને લઈને આમ આદમી પાર્ટી સરકારના મંત્રીઓ અને અધિકારીઓ વચ્ચે નવો વિવાદ શરૂ થયો છે. મંત્રી સૌરભ ભારદ્વાજે મંત્રીઓની ફેક્ટ ફાઈન્ડિંગ કમિટીના વિરોધમાં વન અને પર્યાવરણ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી એકે સિંઘ દ્વારા લખવામાં આવેલા પત્ર પર સવાલો ઉઠાવ્યા છે.દિલ્હીના શહેરી વિકાસ મંત્રી સૌરભ ભારદ્વાજે કહ્યું, “દિલ્હીમાં જંગલ વિસ્તારમાં એક પણ વૃક્ષ કાપવાની પરવાનગી આ દેશની સર્વોચ્ચ અદાલત જ આપી શકે છે. કોઈ વિભાગ કે સંસ્થા એક પણ વૃક્ષ કાપવાની પરવાનગી આપી શકે નહીં.” જંગલ વિસ્તારમાં આપવામાં આવશે.”તેમણે કહ્યું કે આટલા કડક નિયમો હોવા છતાં ડીડીએએ સુપ્રીમ કોર્ટની પરવાનગી વગર સાતબારી જંગલ વિસ્તારમાં ૧૧૦૦ મોટા વૃક્ષો કાપી નાખ્યા. આ દેશની સર્વોચ્ચ અદાલત સુપ્રીમ કોર્ટનો સીધો તિરસ્કાર છે.સરકારના મંત્રી સૌરભ ભારદ્વાજે કહ્યું કે ૧૧૦૦ વૃક્ષો કાપ્યાના બે મહિના બાદ કેન્દ્ર સરકારના ઢઢ્ઢછ વિભાગે પોતાનો ગુનો છુપાવવા માટે જે વૃક્ષો કપાઈ ચૂક્યા છે તેને કાપવાની ખોટી પરવાનગી માંગવા માટે સુપ્રીમ કોર્ટમાં પહોંચી, પરંતુ કોર્ટે મંજૂરી આપવાનો ઈન્કાર કરી દીધો. આપ્યો. આ પછી, એક એનજીઓ દ્વારા, સુપ્રીમ કોર્ટને ખબર પડી કે જે વૃક્ષો માટે ડીડીએ વિભાગ કાપવાની પરવાનગી લેવા આવ્યો હતો, તે બે મહિના પહેલા કાપવામાં આવ્યા હતા, તેથી સુપ્રીમ કોર્ટની અવમાનના કરવામાં આવી હતી અને કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આ બાબત.મંત્રી સૌરભ ભારદ્વાજે કહ્યું કે, “આ સમગ્ર મામલામાં પ્રથમ પક્ષ દિલ્હી સરકાર હતી, પરંતુ સુપ્રીમ કોર્ટના ધ્યાન પર લાવવામાં આવ્યું છે કે જ્યારે આ ૧૧૦૦ વૃક્ષો છૂપી રીતે કાપવામાં આવી રહ્યા હતા, ત્યારે દિલ્હી સરકાર હેઠળનું વન વિભાગ તેમાં સામેલ હતું. આ ગુનામાં સામેલ હતો.”તેમણે કહ્યું કે સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે દિલ્હી સરકાર હેઠળના વન વિભાગના અધિકારીઓ સારી રીતે જાણતા હતા કે ડીડીએ સાતબારી જંગલ વિસ્તારમાં ગુપ્ત રીતે ગેરકાયદેસર રીતે વૃક્ષો કાપી રહ્યું છે.આ સંદર્ભે મંત્રી સૌરભ ભારદ્વાજે પણ સુપ્રીમ કોર્ટ દ્વારા ઉચ્ચારવામાં આવેલી અંગ્રેજી કહેવત શા માટે કૂતરો ભસતો નથી. તેમણે કહ્યું કે આ મામલે વન વિભાગના અધિકારીઓની સંપૂર્ણ જવાબદારી છે કે જ્યારે આ ૧૧૦૦ મોટા વૃક્ષો ગેરકાયદે અને છૂપી રીતે કાપવામાં આવી રહ્યા હતા ત્યારે વન વિભાગના અધિકારીઓએ તેનો વિરોધ કરીને અવાજ ઉઠાવવો જોઈતો હતો અને આ ગેરકાયદેસર કામ અટકાવવું જોઈતું હતું.

આખરે વન વિભાગના અધિકારીઓ ક્યાં છુપાયા હતા? તેમણે કહ્યું કે આ મારા શબ્દો નથી પરંતુ સુપ્રીમ કોર્ટના શબ્દો છે.મંત્રી સૌરભ ભારદ્વાજે કહ્યું કે સુપ્રીમ કોર્ટે પણ દિલ્હી સરકારને આ મામલે મેમોરેન્ડમ દાખલ કરીને સત્ય કહેવાનો આદેશ આપ્યો છે. આ સંદર્ભમાં દિલ્હી સરકારના પર્યાવરણ વિભાગના મંત્રી ગોપાલ રાયે ૨૬ જૂનના રોજ એક બેઠક બોલાવી હતી અને આ દરમિયાન વન અને પર્યાવરણ વિભાગના સંબંધિત અધિકારીઓ, અગ્ર સચિવ એ.કે.સિંઘ, અગ્ર વન સંરક્ષક, નાયબ વન સંરક્ષક, દક્ષિણ દક્ષિણના વન સંરક્ષક. બીજા દિવસે ૨૭ જૂને તમામને બ્રીફ કરવામાં આવ્યા હતા. ૨૦૧૭ સુધી હકીકતલક્ષી અહેવાલ આપવા સૂચનાઓ આપવામાં આવી હતી, પરંતુ અધિકારીઓ દ્વારા મંત્રીને કોઈ રિપોર્ટ આપવામાં આવ્યો ન હતો.

### વિઝાના નિયમોમાં ફેરફાર કરાયા

# ઓસ્ટ્રેલિયાના ભારતીય વિદ્યાર્થીઓને મોટો ફટકો, ફીમાં વધારો કરાયો

## ઓસ્ટ્રેલિયન સરકારે સ્ટુડન્ટ વિઝાની ફીમાં વધારો કર્યો છે, જેના કારણે અન્ય દેશોમાંથી ઓસ્ટ્રેલિયા જતા વિદ્યાર્થીઓને અસર થશે

નવી દિલ્હી, તા.૩

ઓસ્ટ્રેલિયામાં વિઝા ફી $710 થી વધારીને $1600 કરવામાં આવી છે. જો આપણે તેને ભારતીય રૂપિયાના સંદર્ભમાં જોઈએ તો, જ્યાં પહેલા ભારતીય વિદ્યાર્થીઓએ લગભગ 59,277 રૂપિયા ચૂકવવા પડતા હતા, હવે તેઓએ આ માટે 133,584 રૂપિયા ચૂકવવા પડશે.1 જુલાઈના રોજ ઓસ્ટ્રેલિયાથી આવેલા એક સમાચારે ભારતીય વિદ્યાર્થીઓને મોટો આંચકો આપ્યો છે. ઓસ્ટ્રેલિયન સરકારે સ્ટુડન્ટ વિઝાની ફીમાં વધારો કર્યો છે, જેના કારણે અન્ય દેશોમાંથી ઓસ્ટ્રેલિયા જતા વિદ્યાર્થીઓને અસર થશે. ઓસ્ટ્રેલિયામાં વિઝા ફી $710 થી વધારીને $1600 કરવામાં આવી છે. જો આપણે તેને ભારતીય ચલણના સંદર્ભમાં જોઈએ, જ્યાં પહેલા ભારતીય વિદ્યાર્થીઓએ અંદાજે રૂ. 59,277 ચૂકવવા પડતા હતા, હવે તેઓએ આ માટે રૂ. 133,584 ચૂકવવા પડશે.ઓસ્ટ્રેલિયન ફેડરલ ગવર્મેન્ટે સ્ટુડન્ટ વિઝા ફીમાં વધારો કરતા કહ્યું કે આનાથી દેશની આવકમાં વધારો થશે, જેનાથી શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ થશે. આ ઉપરાંત ગ્રેજ્યુએશન વિદ્યાર્થીઓ માટે લોનની રકમ પણ ઘટશે. ઉપરાંત નવા વિદ્યાર્થીઓને પણ મદદ મળશે. શિક્ષણ પ્રધાન જેસન ડીન ક્લેરે જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય શિક્ષણ એ આપણા માટે અત્યંત મહત્વપૂર્ણ રાષ્ટ્રીય સંપત્તિ છે અને આપણે તેની અખંડિતતા અને ગુણવત્તાની ખાતરી કરવાની જરૂર છે.ભારતીય હાઈ કમિશન અનુસાર, ઑસ્ટ્રેલિયામાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા ઑગસ્ટ 2023 માં 120,277 હતી. વર્ષ 2022માં પણ એક લાખથી વધુ ભારતીય વિદ્યાર્થીઓ અભ્યાસ માટે ઓસ્ટ્રેલિયા ગયા હતા. આ પહેલા પણ કેનબેરા (ઓસ્ટ્રેલિયાની રાજધાની) ભારતીય વિદ્યાર્થીઓની પસંદગી રહી છે, પરંતુ ત્યાંની સરકાર દ્વારા લેવામાં આવેલા આ નિર્ણય બાદ ઘણા વિદ્યાર્થીઓનું ઓસ્ટ્રેલિયામાં અભ્યાસ કરવાનું સ્વપ્ન ચકનાચૂર થઈ શકે છે.જો કે, કાઉન્સિલ ઓફ ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ ઓસ્ટ્રેલિયાના રાષ્ટ્રીય અધ્યક્ષ યેગનેહ સોલતાનપોરે આ નિર્ણયની નિંદા કરી અને કહ્યું કે ફી વધારો આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ પર વધારાનું નાણાકીય દબાણ કરશે. તેમણે વધુમાં કહ્યું કે અભ્યાસ માટે આટલા પૈસા ખર્ચ્યા પછી પણ જો કોઈને નોકરી ન મળે તો તે દુઃખ અને ચિંતાની વાત છે. આ જ કારણ છે કે હવે વિદ્યાર્થીઓ ઓસ્ટ્રેલિયા સિવાય અન્ય દેશોમાં તેમના વિકલ્પો જોઈ રહ્યા છે.ઓસ્ટ્રેલિયાના ઈન્ટરનેશનલ એજ્યુકેશન એસોસિએશનના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર ફિલ હનીવુડે મીડિયાને જણાવ્યું કે આ જાહેરાત આંતરરાષ્ટ્રીય શિક્ષણ ક્ષેત્ર માટે છેલ્લો ફટકો છે. એ પણ કહ્યું કે અમે 48 બિલિયન યુએસ ડોલર ગુમાવવાનું જોખમ પણ ચલાવી રહ્યા છીએ, આ સિવાય આ પગલું આપણા ભારત-પ્રશાંત પડોશીઓ સાથેના સંબંધોને પણ પ્રતિકૂળ અસર કરશે.

# ચલાલાનાં ગાયત્રી ધામનાં વડા ડો. રતિદાદાની પરિવાર સાથેની વિદેશયાત્રા સફળ



યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલાનાં વડા પૂ.શ્રી.ડો. રતિદાદા, પૂ.શ્રી.મંજુબા તેમજ ઋત્વીજભાઈ ૭ જૂનથી ૨૬ જૂન સુધી સનાતન ધર્મનાં પ્રચારઅને પ્રસાર અર્થે વિવિધ સ્થળોએ હિંદુ પરીસદ યોજી. ત્યાં ગણેશ મંદિરમાં ગાયત્રી યજ્ઞનું ભવ્ય આયોજન ધ કર્યુ હતુ. ત્યારબાદ ભારત એમબેસીમાં મહામહિમ ડો. હરીશ પાર્વથા નેની સર (ભારતીય રાજદુત) તેની મુલાકાત લીધી અને તેનુ સન્માન કર્યુ હતુ. આવી રીતે ગાયત્રી સંસ્કાર ધામના વડા પૂ. શ્રી ડો. રતિદા દા, પૂ. શ્રી મંજુબા તથા ઋત્વીજભાઈની ખૂબ જ સારી રીતે યાત્રા પ્રવાસ સફળ રહી હતી.

## અમરેલી : શાંતાબા જનરલ હોસ્પિટલ અને ઈન્ટાસ ફાઉન્ડેશન દ્વારા વિનામૂલ્યે હિમોફિલિયા ફેકટરનું વિતરણ

અમરેલી, તા. ૩

અમરેલી શાંતાબા જનરલ હોસ્પિટલમાં આજરોજ હિમોફિલિયાના અંદાજીત ૨૦ જેટલા દર્દીઓને ૧૦૦૦ યુનિટ ફેકટરનું ઈન્ટાસ ફાઉન્ડેશન દ્વારા વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમ દરમિયાન દર્દીઓને સેલ્ફ ઈન્જેકશ કઈ રીતે લેવા, બ્લીડીંગ થાય તો શું કાળજી રાખવી તે બાબતે તથા ફિજીયોથેરાપી ડોકટર દ્વારા વન ટુ વન ફિજીયોથેરાપી કેવી રીતે લેવી અને કેવી કસરત કરવી તે બાબતે ટ્રેનિંગ અને માર્ગદર્શન અપાયું હતું.



હિમોફિલિયા માર્ગદર્શન સેમીનાર ખાતે શાંતાબા જનરલ હોસ્પિટલ અમરેલીના સુપ્રિટેન્ડેન્ટ ડો. આર.એમ. જીતિયા, ડો. સિધ્ધી સવાણી, ભરતભાઈ ધડુક તથા દિનેશભાઈ કાપડીયા હાજર રહ્યા હતા. ડો. આર.એમ. જીતિયા સાહેબે હિમોફિલિયા અંગે માર્ગદર્શન પુરૂ પડેલ હતું તથા મેનેજમેન્ટ વતી ઈન્ટાસ ફાઉન્ડેશનનો આભાર વ્યકત કરેલ હતો.


**સંકુલ ધો. ૬ થી ૮ કુમાર શાળા પ્રવેશ ચાલુ**
**સંકુલ ધો. ૯ – ૧૦ કુમાર શાળા પ્રવેશ ચાલુ**
**ધો. ૧૧–૧૨ કોમર્સ કુમાર શાળા પ્રવેશ ચાલુ**
**ધો. ૧૧–૧૨ સાયંસ કુમાર શાળા આવતી સાલ શરૂ**

★ સમય બપોર નાં ૧૨:૪૫ થી ૦૬:૧૫ ★ સીટી અપડાઉન ને પ્રવેશ ★ વ્યાજબી ફી
★ ડેઈલી ટેસ્ટ – રીપીટેડલી – ત્રિ છ ન પરિક્ષા ★ અલગ ગેઈટ બિલ્ડીંગ કમ્પાઉન્ડ

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ (લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ- Ad 053


પાના ૮ ઉપરનું ચાલું

### ગુજરાતમાં ભાજપને હટાવીશુંનાં

પંચાયતથી લઈને પાર્લામેન્ટની ચુંટણીમાં જબરદસ્ત સફળતા મળી રહીછે. જોકેવર્ષ૨૦૧૭માંયોજાયેલ વિધાનસભાની ચુંટણીમાં ભાજપ સત્તા ગુમાવવાથી એક વેંત દુર રહી ગઈ હતી.

જોકેબાદમાંભાજપેબાજી પલ્ટી દીધી અને પુનઃ જબરદસ્ત સફળતા મેળવી લીધી અને હવે કોંગી નેતાએ આગામી ચુંટણીમાં ભાજપને પરાજિત કરવા પડકાર કરતાંતેઓએ કયાંસર્વેનાઆધારેનિવેદન કર્યુકેપછી રાજકિય નિવેદન છે તેને લઈને અનેકવિધચર્ચાઓશરૂ થઈ છે.

ભાજપને લોકસભાની ચુંટણીમાં પરાજિત કરવાનો પડકાર પણ રાહુલ ગાંધીએ કરતાં ભાજપને ૬૩ બેઠકનુ નુકસાન થયુ. તો કર્ણાટક, તેલંગણા, હિમાચલ પ્રદેશમાં પણ કોંગ્રેસને સફળતા મળી હતી. ત્યારે ભાજપીઓને પણ અંદરખાનેચિંતાથાયતેસમજીશકાય તેમછે.

પાના ૮ ઉપરનું ચાલું

### બગસરા પાલિકાનાં ૧૩ કર્મચારીઓને

જયારે આ ૧૩ કર્મચારીઓ દ્વારા છેલ્લા પાંચ વર્ષથી ગુજરાત હાઈકોર્ટમાં રિટ પણ દાખલ કરેલ છે તેના માટે કર્મચારીઓદ્વારાહજુ ધક્કા ખાય રહેલ છે પરંતુ હજુ સુધી કોઈ પણ પ્રકારનો નિવેડો આવેલ નથી. ત્યારે આવા કર્મચારીઓ ને પોતાનાં ઘરનું ગુજરાન ચલાવવુંપણમુશ્કેલબનીગયુંછેઅનેઆ તમામ કર્મચારીઓમાં ગણગણાટ પણ શરૂ થઈ ગયો છે કે પાલિકા દ્વારા એકને ખોળ અને એકને ગોળ જેવી નીતિ કરી રહેલ છે. તો પાલિકા દ્વારા તત્કાલ આ તમામકર્મચારીઓકેજેહજુસુધીપાંચમાં પગારપંચમુજબ પગારચૂકવાયછે તેને હવેછઠ્ઠાપગારપંચઅનેત્યારબાદઅન્ય કર્મચારીની જેમ સાતમાં પગારપંચ મુજબ પગાર ચૂકવવામાંઆવે તેવીમાંગ ઉઠી છે.

પાના ૮ ઉપરનું ચાલું

### રાહુલ ગાંધીનાં પુતળાનું દહન કરાયું

દહનતથાસૂત્રોચ્ચારનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ યોજાનાર કાર્યકર્તાની પોલીસે અટકાયત કરી પોલીસ સ્ટેશન ખાતે લઈ જવાયા હતા.

અમરેલીનાં ડો.જીવરાજ મહેતાચોકખાતેસાંજનાંસમયેઅમરેલી વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ હિન્દુ સમાજ વિષે કરેલ ટિપ્પણીને લઈ રોષ વ્યકત કરીઅને રાહુલ ગાંધી હાયહાયનાં સૂત્રોચ્ચાર કર્યા હતા. બાદમાં રાહુલ ગાંધીનાં પૂતળા દહન કર્યુ હતું.

આ રાહુલ ગાંધીના પૂતળા દહન બાદ વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળનાં કાર્યકરોની પોલીસે અટકાયત કરી હતી.

## અવસાન નોંધ

**બાબરા :** બાબરા નિવાસી ધીરેન્દ્રભાઈ ચંદુલાલ સુચકએ વિમલના પિતાશ્રી, મનુભાઈ સૂચક, દિપકભાઈ સુચકનાં મોટાભાઈનુ ઉઠમણુ તા. ૫/૭/૨૦૨૪ને શુક્રવારે બાબરા લોહાણ મહાજન વાડી ખાતે સાંજે ૫ થી ૬ રાખેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

### મંદિરમાં ચોરીનો પ્રયાસ

ગામે આવેલ આદસંગી હનુમાનજીના મંદિરમાં બે તસ્કરો ચોરીનો પ્રયાસ કરવામાંઆવ્યોહતો, પરંતુઆ મંદિરમાં અગાઉ ચોરીની ઘટના બન્યા બાદ સીસીટીવીલગાવી દેવાયાહતા. ત્યારેએક ફરીવખતતસ્કરોએચોરીનોપ્રયાસકરી આ મંદિરની દાનપેટી તોડવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તે દરમિયાન મંદિરમાં લગાવેલસીસીટીવીઆતસ્કરોજોઈ જતા નાશી છુટયા હતા.

## જાહેર નોટીસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ કે.વી. કેશરીયા**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **સુરેશભાઈ હનુમંતરાવ પવાર** રહે. અમરેલીવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

અમરેલી વરસડા રોડ, ગીરધરનગર
રે. સર્વે.નં. ૧૪૮ પૈકી — બીનખેતી સબ પ્લોટ નં. ૯/૨
જેના ચો.મી. ૭૦–૬૫
રજીસ્ટર્ડ બનાખત અનુક્રમ નં. ૨૮૯૬ — તારીખ : ૨૪/૦૬/૨૦૨૪

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ (૧) હર્ષાબેન રિતેશભાઈ લુહાર (૨) રિતેશભાઈ મનસુખભાઈ લુહાર પાસેથી ખરીદ કરવા ઉપરોકત રજીસ્ટર્ડ બાનાખત કરાવેલ છે. (૧) હર્ષાબેન રિતેશભાઈ લુહાર (૨) રિતેશભાઈ મનસુખભાઈ લુહારએ ઉપરોકત મિલ્કત હર્ષાબેન જીતેન્દ્રભાઈ પરમાર પાસેથી રજી. દસ્તાવેજ નંબર ૧૧૪૩ તા. ૨૨/૦૩/૨૦૧૮નાં રોજ ખરીદ કરેલ છે. હર્ષાબેન જીતેન્દ્રભાઈ પરમારે ઉપરોકત મિલ્કત શોભનાબેન વિષ્ણુકુમાર વ્યાસ પાસેથી રજી. દસ્તાવેજ નં. ૧૪૮ તા. ૧૫/૦૧/૨૦૧૬નાં રોજ ખરીદ કરેલ છે. શોભનાબેન વિષ્ણુકુમાર વ્યાસે ઉપરોકત મિલ્કત નીતાબેન દર્શનકુમાર સોમણ રહે. ભાવનગરનાં કુલમુખત્યાર હંસાબેન હરિભાઈ પટેલ રહે. અમરેલીવાળા પાસેથી રજી. દસ્તાવેજ નં. ૧૬૦૮ તા. ૨૧/૦૬/૧૯૯૬નાં રોજ ખરીદ કરેલ જે વેચાણ દસ્તાવેજ અંગેનું કુલમુખત્યારનામું સદરહું રજી. વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વમાં હતું.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો , અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૦૩/૦૭/૨૦૨૪
પહેલો માળ, ટ્રેડ સેન્ટર
કલેકટર ઓફિસ પાછળ, અમરેલી.

**કે.વી. કેશરીયા**
એડવોકેટ

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૨ | ૧૩૦૨ |
| ૨ | જુવાર સફેદ | ૮૬૫ | ૮૬૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૫૨ | ૧૧૬૪ |
| ૨ | શિંગ મોટી | ૯૦૦ | ૧૨૪૮ |
| ૩ | શિંગદાણા | ૧૩૦૦ | ૧૮૯૫ |
| ૪ | શીંગદાણા ફાડા | ૧૨૦૦ | ૧૫૪૮ |
| ૫ | તલ સફેદ | ૧૦૦૦ | ૨૫૫૪ |
| ૬ | તલ કાળા | ૧૮૦૦ | ૩૦૭૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૩૧૦૦ | ૩૩૦૨ |
| ૮ | બાજરો | ૩૮૨ | ૪૫૩ |
| ૯ | જુવાર | ૪૦૦ | ૮૧૩ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૫૭ | ૬૦૧ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૬૦ | ૫૭૧ |
| ૧૨ | મગ | ૧૧૦૦ | ૧૫૮૫ |
| ૧૩ | ચણા | ૧૦૬૫ | ૧૨૭૫ |
| ૧૪ | તુવેર | ૧૫૦૦ | ૨૧૧૦ |
| ૧૫ | વાલ | ૧૦૪૫ | ૧૮૪૪ |
| ૧૬ | કપાસ | ૯૦૦ | ૧૫૨૩ |
| ૧૭ | એરંડા | ૯૭૦ | ૧૦૯૭ |
| ૧૮ | જીરૂ | ૪૨૫૦ | ૫૩૦૦ |
| ૧૯ | રાય | ૮૩૫ | ૧૧૩૫ |
| ૨૦ | ધાણા | ૮૦૫ | ૧૩૪૫ |
| ૨૧ | મેથી | ૬૮૦ | ૧૧૧૮ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૧૯૦ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ૩ | શીંગ દાણા | ૧૬૦૦ | ૨૦૦૧ |
| ૪ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૫૫૧ |
| ૫ | તલ કાળા | – | ૩૧૧૧ |
| ૬ | જીરૂ | ૪૭૦૦ | ૫૪૭૧ |
| ૭ | કપાસ | ૧૩૫૦ | ૧૫૦૫ |
| ૮ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૧૩ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૪૫ |
| ૧૦ | બાજરો | ૪૦૦ | ૪૪૫ |
| ૧૧ | જુવાર | ૪૫૦ | ૮૬૦ |
| ૧૨ | મકાઈ | – | ૪૭૫ |
| ૧૩ | મગ | ૧૪૫૦ | ૧૬૧૦ |
| ૧૪ | અડદ | ૧૮૦૦ | ૧૯૪૫ |
| ૧૫ | ચણા | ૧૧૦૦ | ૧૩૦૮ |
| ૧૬ | તુવેર | ૨૦૦૦ | ૨૩૦૫ |
| ૧૭ | એરંડી | ૧૦૦૦ | ૧૧૧૪ |
| ૧૮ | મેથી | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ૧૯ | રાય/રાયડો | ૮૫૦ | ૯૦૦ |
| ૨૦ | ધાણા | – | ૧૧૦૮ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૬૬ | ૧૫૭૪ |
| ૨ | મગફળી | ૧૦૭૫ | ૧૧૩૫ |
| ૩ | મગ | ૧૪૫૫ | ૧૬૫૫ |
| ૪ | જીરૂ | ૪૬૯૦ | ૫૩૧૦ |
| ૫ | ઘઉં | ૪૯૦ | ૫૫૦ |
| ૬ | તલ સફેદ | ૨૩૮૫ | ૨૪૪૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૨૫ |
| ૨ | ચણા | ૧૨૨૦ | ૧૨૪૦ |
| ૩ | મગ | ૧૩૯૦ | ૧૫૭૫ |
| ૪ | ઘઉં લોકવન | ૪૩૭ | ૫૩૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૬૨ | ૫૦૦ |
| ૬ | તલ સફેદ | ૨૨૩૫ | ૨૪૨૦ |
| ૭ | સોયાબીન | ૮૦૦ | ૮૩૧ |
| ૮ | જુવાર | ૪૦૦ | ૭૧૨ |
| ૯ | લસણ | ૨૩૦૦ | ૨૩૦૦ |
| ૧૦ | મયફળી | ૮૪૦ | ૧૦૦૦ |
| ૧૧ | શીંગદાણા | ૧૫૧૫ | ૧૬૯૦ |
| ૧૨ | ધાણા | ૧૧૫૦ | ૧૩૦૦ |
| ૧૩ | એરંડી | ૭૪૫ | ૧૦૦૫ |
| ૧૪ | તલ કાળા | ૧૪૦૦ | ૨૮૦૦ |
| ૧૫ | ચણા સફેદ | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૧૬ | મકાઈ | ૪૬૦ | ૪૬૦ |
| ૧૭ | શીંગફાડા | ૧૩૭૦ | ૧૪૦૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૫૨ | ૧૪૫૨ |
| ૨ | ચણા | ૧૦૨૫ | ૧૨૫૨ |
| ૩ | તુવેર | ૨૦૨૨ | ૨૦૨૨ |
| ૪ | મગ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૫ | શીંગ દાણા | ૧૪૯૦ | ૧૬૦૫ |
| ૬ | તલ | ૨૩૦૦ | ૨૩૦૦ |
| ૭ | વરીયાળી | ૧૬૦૦ | ૧૬૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૦ | ૧૧૭૦ |
| ૨ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૬૦ |
| ૩ | કપાસ | ૧૦૦૧ | ૧૫૩૦ |
| ૪ | બાજરો | ૪૧૧ | ૪૮૬ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૭૬ |
| ૬ | જુવાર | ૫૦૧ | ૯૦૦ |
| ૭ | ચણા | ૧૧૦૦ | ૧૨૭૦ |
| ૮ | જીરૂ | ૪૨૫૦ | ૪૨૫૦ |
| ૯ | એરંડી | ૯૫૦ | ૯૫૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૭૦૦ | ૧૯૧૦ |
| ૧૧ | સોયાબીન | ૮૧૧ | ૮૧૧ |
| ૧૨ | ધાણા | ૧૧૦૦ | ૧૨૦૧ |
| ૧૩ | ગમ ગુવાર | ૭૦૦ | ૭૦૦ |

# ખાંભા : પીજીવીસીએલનાં કાર્યપાલ ઈજનેર અમીત રાબડીયાની બદલી થતાં વિદાય સંભારમ યોજાયો



તસ્વીર : ભાવિક કલસરિયા–ખાંભા

ખાંભા ખાતે પીજીવીસીએલ ફરજ બજાવતા કાર્યપાલક ઈજનેરઅમીત રાબડીયાની જૂનાગઢ ડીવીઝન ખાતે બદલી થતા આજે તેમનો વિદાય સંભારમ યોજાયો હતો. જયારે આ વિદાય સંભારમમાં મોટી સંખ્યામાં ગામનાં આગેવાનો તેમજ સ્ટાફ જોડાયા હતા. રાબડીયા દ્વારા ખાંભા ખાતેફરજદરમિયાનતમામગ્રાહકોની ફરિયાદ શાંતિ પૂર્ણ નિકાલ કરવામાં મોખરે હતા. જયારે સ્ટાફ પાસે પણ કામ કરવાની તેમનસ આગવી અદા હતી. જયારે આજે તેમની વિદાય વેલાએ સ્ટાફ દ્વારા તેમને મોમેન્ટ તેમજ ફુલહાર અને શાલ ઓઢાડીને વિદાય આપી હતી. આ કાર્યક્રમમાં સાવરકુંડલાથી તપન વોરા, રાજુલાથી બલાઈ તેમજ રાઠોડ ખાંભા ગ્રામ પંચાયતના સરપંચ પ્રતિનિધિ બાબાભાઈ ખુમાણ, વેપારી પ્રમુખ મહેન્દ્રભાઈ હરીયાણી સહિત આગેવાનો હાજર રહ્યા હતા.

### વિપક્ષના વોકઆઉટ મુદ્દે મોદીએ કહ્યું તેમને ભાગી જતા જ આવડે છે

# જનતાનો જનાદેશ વિપક્ષો પચાવી શકતા નથી : વડાપ્રધાન મોદી

**સરકાર મણિપુરમાં સ્થિતિને સામાન્ય બનાવવા માટે સતત પ્રયાસ કરી રહી છે : મોદી : રાજ્યસભાની કાર્યવાહી અનિશ્ચિત સમય સુધી સ્થગિત**

નવી દિલ્હી, તા.૩

રાષ્ટ્રપતિના સંબોધન પર આભાર પ્રસ્તાવ પરની ચર્ચાનો રાજ્યસભામાં જવાબ આપતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, સરકાર મણિપુરમાં સ્થિતિને સામાન્ય બનાવવા માટે સતત પ્રયાસ કરી રહી છે. મણિપુરમાં શાંતિ પુનઃસ્થાપિત થઈ રહી છે. તો જમ્મુ કાશ્મીરમાં પણ ૧૦ વર્ષમાં ત્યાં આતંકવાદી ઘટનાઓમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. આતંકવાદ અને અલગતાવાદનો હવે અંત આવી રહ્યો છે. આજે પ્રવાસન ત્યાં નવા રેકોર્ડ બનાવી રહ્યું છે અને રોકાણ વધી રહ્યું છે.

રાજ્યસભામાં પીએમ નરેન્દ્ર મોદીના લગભગ ૩ કલાક લાંબા સંબોધન બાદ રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ સર્વસંમતિથી પસાર કરવામાં આવ્યો હતો. તેની સાથે રાજ્યસભાની કાર્યવાહી અનિશ્ચિત સમય સુધી સ્થગિત કરી દેવાઈ છે.

ઉપરાષ્ટ્રપતિ અને ગૃહના અધ્યક્ષ જગદીપ ધનખરેએ વિપક્ષના વોકઆઉટ પર નારાજગી દર્શાવતા કહ્યું કે, બધા સાંસદો બોલી શકે તે માટે ગઈકાલે મોડી રાત્ર સુધી ગૃહ ચાલુ રાખ્યું. પરંતુ વિપક્ષે જે રીતે વર્તન કર્યું છે તે મારુ નહી પણ સદનનું અપમાન કર્યું હોય તેવુ છે. વિપક્ષે ગૃહ નહીં મર્યાદા છોડી. આજે બંધારણનો અનાદર થયો છે. હું વિપક્ષના વોકઆઉટની નિંદા કરું છું. બંધારણ એ કંઠસ્થ કરવા માટેનું પુસ્તક નથી પણ યાદ રાખવા માટે છે. બંધારણનું પુસ્તક હાથમાં રાખવાનું નથી. તેને અનુસરવાનું છે. વિપક્ષ તેમના વર્તન અંગે મંથન કરશે, દિલને ઢંઢોળશે અને આત્મ કર્તવ્ય પર આવશે. ઉપાધ્યક્ષની વિપક્ષને કરેલ ટકોર બાદ, વડાપ્રધાને તેમનુ સંબોધન આગળ વધારતા કહ્યું કે, ૧૪૦ કરોડની જનતાએ જે જનાદેશ આપ્યો છે તેને પચાવી શકતા નથી. ગઈકાલે તેમના તમામ પેતરા નિષ્ફળ ગયા છે આથી આજે તેઓ મેદાન છોડીને ભાગી ગયા છે. હુ ડિબેટમાં સ્કોર કરવા નથી આવ્યો. હુ તો સેવક છુ.વડાપ્રધાને તેમના સંબોધન દરમિયાન કહ્યું કે, દેશ જોઈ રહ્યો છે કે, જુઠ્ઠાણા ફેલાવનારાઓ સાચુ સાંભળી શકતા નથી. તેમણે ઉઠાવેલા સવાલોનો જવાબ સાંભળવાની તાકાત નથી. આ અપર હાઉસનુ અપમાન કરી રહ્યાં છે. દેશની જનતાએ દરેક રીતે તેમને પરાજીત કર્યા છે કે તેમની પાસે ગલી મહોલ્લામાં ચીથરેબાજી સિવાય કશુ બચ્યું નથી. નારેબાજી, હોબાળો કરવો અને ભાગી જવું એ જ તેમને આવડે છે.વડાપ્રધાને કહ્યું કે, નાના ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડ આપીને તેમની સમસ્યાનો ઉકેલ કર્યો છે. તેમને લોન લેવામાં ભારે તકલીફ થઈ રહી હતી. પરંતુ સરકારે અપનાવેલી નવી નીતિને કારણે કિસાન ક્રેડિટ કાર્ડ આપીને તેમની સમસ્યાનો કાયમી અંત લાવ્યા છીએ. માછીમારોને પણ કિસાન ક્રેડિટ કાર્ડમાં આવરી લેવાયા છે.

બંધારણને લઈને પીએમ મોદીના સંબોધન દરમિયાન વિપક્ષના સાંસદોએ હોબાળો શરૂ કર્યો હતો. ગઈકાલે પણ વિપક્ષી સાંસદોએ લોકસભામાં સતત હોબાળો મચાવ્યો હતો. આજે પણ રાજ્યસભામાં વિપક્ષના સાંસદોએ હોબાળો મચાવ્યો છે. પીએમ મોદીએ રાજ્યસભામાં કહ્યું કે છેલ્લા ૧૦ વર્ષોમાં સમર્પણ અને સતત સેવા સાથે કરવામાં આવેલા પ્રજાલક્ષી કામને જનતાએ દિલથી સમર્થન આપ્યું છે. દેશની જનતાએ તેમના આશીર્વાદ આપ્યા છે. દેશની બુદ્ધિમત્તા પર ગર્વ છે. કારણ કે દેશની જનતાએ કુપ્રચારને પરાસ્ત કર્યો છે. કાર્યને સમર્થન આપવામાં આવ્યું છે. વિશ્વાસના રાજકારણ પર જીતની મહોર લગાવવામાં આવી છે.

### ગુજરાતમાં અન્ય ૭૩ શોભાયાત્રાઓ નીકળશે

# ૭ જુલાઈએ જગન્નાથજીની ૧૩૬ રથયાત્રાઓ નીકળશે

**સંવેદનશીલ વિસ્તારોમાં કડક પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો : પૂરતા પ્રમાણમાં પોલીસ ફોર્સ ડીપ્લોય કરવામાં આવી**

ગાંધીનગર, તા.૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને ગાંધીનગર ખાતે રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણયો અંગે પ્રેસ-મીડિયાને માહિતી આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતભરમાં આગામી ૭ જુલાઈ અને અષાઢી બીજના રોજ ભગવાન જગન્નાથજીની ૧૩૬ રથયાત્રાઓ તેમજ અન્ય ૭૩ શોભાયાત્રાઓ મળી કુલ ૨૦૯ યાત્રાઓનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રવક્તા મંત્રીએ જણાવ્યું હતું કે, અમદાવાદ શહેરમાં આ વર્ષે ભગવાન જગન્નાથજીની ૧૪૭મી રથયાત્રા નીકળશે, જે ગુજરાતની સૌથી મોટી રથયાત્રા છે. અમદાવાદ રથયાત્રામાં લાખોની સંખ્યામાં ભક્તો ભગવાન જગન્નાથજીના દર્શન કરવા આવતા હોવાથી રાજ્ય સરકાર દ્વારા તેમની સુરક્ષા-સલામતી તેમજ રથયાત્રાની સુરક્ષા-વ્યવસ્થાને ધ્યાને લઈને તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. અમદાવાદ શહેર સહિત સમગ્ર રાજ્યમાં શાંતિ અને સલામતીના વાતાવરણમાં રથયાત્રા પૂર્ણ થાય તે માટે રાજ્ય સરકારે ચુસ્ત પોલીસ બંદોબસ્ત સહિતની તમામ તૈયારીઓ કરી છે.રથયાત્રાના રૂટમાં આવતા સંવેદનશીલ વિસ્તારોમાં કડક પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

રથયાત્રાના સમગ્ર રૂટ પર VISWAS પ્રોજેક્ટ અને સ્માર્ટ સીટી પ્રોજેક્ટ હેઠળ સ્થાપિત કરેલા CCTV કેમેરાના માધ્યમથી સતત નિરીક્ષણ કરવામાં આવશે.રથયાત્રામાં શાંતિ-સલામતી સુનિશ્ચિત કરવા ડ્રોન આધારિત કેમેરા સીસ્ટમ અને બોડી વોર્ન કેમેરા સીસ્ટમનો મહત્તમ ઉપયોગ કરીને નિરીક્ષણ કરવામાં આવશે. રથયાત્રા નિર્વિઘ્ન ચાલે તે માટે પૂરતા પ્રમાણમાં પોલીસ ફોર્સ ડીપ્લોય કરવામાં આવી છે. સાથે જ એસ.આર.પી.એફ, હોમગાર્ડ, GRD અને TRBની ટીમો તૈનાત કરવામાં આવી છે. આ ઉપરાંત શાંતિ સમિતિ અને મોહલ્લા સમિતિઓ સાથે બેઠક કરીને રથયાત્રા દરમિયાન જુદા-જુદા ધર્મના પ્રતિનિધિઓ અને સ્વયંસેવકો પોલીસની મદદમાં ઉપસ્થિત રહે તે આયોજન પણ કરવામાં આવ્યું છે.

### નીટ કૌભાંડના મામલે કાર્યવાહી

# ગોધરામાં ચાર આરોપીના રિમાન્ડ પૂર્ણ થતાં ફરી જેલમાં ધકેલાયા

**૫ આરોપીઓ ગોધરા સબ જેલમાંથી સાબરમતી જેલમાં ખસેડવાની હિલચાલ**

ગોધરા,તા.૩

ગોધરા સ્થિત જલારામ સ્કૂલના ગોધરા અને થર્મલ ખાતેના નીટ પરીક્ષાના કેન્દ્રોમાં નીટ પરીક્ષા ઊંચા મેરિટ સાથે પાસ કરાવી આપવાના બહાર આવેલા ષડયંત્ર સંદર્ભમાં ઝ.મૈં દ્વારા તપાસો હસ્તગત કર્યા બાદ ગોધરા સબ જેલમાં કેદ રહેલા પાંચ આરોપીઓ પૈકી ચાર આરોપીઓના C.B.I દ્વારા ગોધરા સેસન્સ અદાલત માંથી ચાર દિવસો ના ફર્ધર રિમાન્ડ મેળવ્યા હતા. આ નીટ પરીક્ષા કૌભાંડના ચાર આરોપીઓ તુષાર ,ભટ્ટ પુરુષોત્તમ શર્મા ,આરીફ વોરા અને વિભોર આનંદ ના આજરોજ રીમાન્ડ પૂર્ણ થતા C.B.I ટીમ દ્વારા આ ચાર આરોપી ઓ ને ગોધરા સેશન્સ અદાલત સમક્ષ હાજર કરવામાં આવતા પંચમહાલ જિલ્લાના પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ સી.કે.ચૌહાણ દ્વારા આ ચાર આરોપીઓને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપવાના મહત્વપૂર્ણ કરેલા આદેશ મા આ ગુના ની તપાસ C.B.I હસ્તક હોય આ ચાર આરોપીઓ અને ગોધરા સબ જેલમાં કેદ પરશુરામ રોયને C.B.I કસ્ટડી ના હવાલે કરીને આ કેસ હવે ઝ.મૈં સ્પેશિયલ અદાલત સમક્ષ ચાલવાનો હોય આ ગુના સંદર્ભમાં જરૂરી સાધનિક દસ્તાવેજી પુરાવાઓને પણ C.B.I ને સુપ્રત કરવાનો આદેશ ફરમાવ્યો હતો. જો કે C.B.I કસ્ટડીના હવાલે કરાયેલા નીટ પરીક્ષા કૌભાંડ ના પાંચ આરોપીઓને હવે સંભવતઃ અમદાવાદ સ્થિત સાબરમતી જેલમાં ખસેડવામાં આવે એવી શક્યતાઓ દેખાઈ રહી છે.ગોધરા તાલુકા પોલીસ મથક માં નીટ પરીક્ષા ઉચા મેરીટ સાથે લાખ્ખો રૂપિયા ના સોદાઓ મા ઊંચા મેરીટ સાથે પાસ કરાવવાના બહાર આવેલા ષડયંત્ર માં દાખલ કરાયેલા ગુના મા ગોધરા ના ડી.વાય.એસ.પી.એન. વી .પટેલ દ્વારા સૌ-પ્રથમ પાંચ આરોપીઓ ની ધરપકડ કરી હતી પરંતુ નીટ પરીક્ષા કૌભાંડ સામે દેશવ્યાપી ઉભા થયેલા ભારે વિરોધ વચ્ચે નીટ પરીક્ષા કૌભાંડ ની તપાસ C.B.I ને સુપ્રત કરાઈ હતી

આ ગોધરા સ્થિત જય જલારામ સ્કુલ ના ગોધરા અને થર્મલ નીટ પરીક્ષા કેન્દ્રોમાં ૩૦ પરીક્ષાર્થીઓને ઉંચા માર્ક સાથે પાસ કરાવી આપવાના ગોઠવાયેલા રાજ્ય વ્યાપી ષડયંત્ર માં C.B.I ની ટીમોએ સર્ચ ઓપરેશનો હાથ ધર્યા બાદ જય જલારામ સ્કૂલના સંચાલક દીક્ષિત પટેલની ધરપકડ કર્યા બાદ અમદાવાદ સ્થિત સ્પેશિયલ C.B.I અદાલત સમક્ષ હાજર કરીને ચાર દિવસોના C.B.I કસ્ટડીમાં રિમાન્ડ મેળવ્યા હતા એમાં હવે નીટ પરીક્ષા કૌભાંડ મામલા માં જે પણ કોઈ આરોપીની ધરપકડ કરાશે તો આ તમામને અમદાવાદ સ્થિત સ્પેશિયલ C.B.I અદાલત સમક્ષ હાજર કરાશે.

### કોસ્મેટિકની આડમાં એલોપેથિક દવાઓનું કૌભાંડ

# સુરતમાંથી નકલી એલોપેથિક દવા બનાવતી ફેક્ટરી ઝડપાઈ

**વગર પરવાને સુરત ખાતે ફેક્ટરી ચલાવવામાં આવી રહી હતી જેમાં કોસ્મેટિક ની આડમાં એલોપેથિક દવાઓ બનાવતી હોવાનું સામે આવ્યું**

સુરત,તા.૩

સુરતમાંથી નકલી એલોપેથિક દવા બનાવતી ફેક્ટરી ઝડપાઈ હતી. વગર પરવાને સુરત ખાતે ફેક્ટરી ચલાવવામાં આવી રહી હતી જેમાં કોસ્મેટિક ની આડમાં એલોપેથિક દવાઓ બનાવતી હોવાનું સામે આવતા ગાંધીનગરની ખોરાક અને ઔષધી નિયમન તંત્રની ટીમે રેડ કરી દવાનો જથ્થો સીલ કરી અને ૧૪ નમૂના લીધા હતા. સુરત શહેરમાં અનેક ગેરકાયદેસર પ્રવૃત્તિઓ મળી આવતી હોય છે જેમાં કોઈપણ વસ્તુની આડમાં અન્ય વસ્તુ બનાવતી હોવાનું સામે આવતું હોય છે. સુરતમાં નકલી એલોપેથીક દવા બનાવતી ફેક્ટરી ઝડપાઈ હતી ફેક્ટરી ચલાવનારા લોકો પાસે કોઈ પણ પ્રકારનો પરવાનો ના હતો.. અને બનાવટી એલોપેથિક દવાનું લેબલ લગાવી ઓનલાઈન વેચાણ કરતા હતા. આ સમગ્ર ઘટના ની બાતમી ગાંધીનગરની ખોરાક અને ઔષધ નિયમન ની ટીમને થતા તાત્કાલિક જ તેમને સુરતમાં ધામાં નાખ્યા હતા અને માંગરોળ તાલુકાના પીપોદરા સ્થિત કહીરા બાયોટેકમાં રેડ કરી હતી ક્યાંથી સરથાણા સ્થિત વીટી સર્કલ પાસે આર જે એન્ટરપ્રાઈઝમાં પણ રેડ કરાઈ હતી.લિંબાયત ઝોન ની બાજુમાં જ આવેલી આયુસી એન્ટરપ્રાઈઝમાં પણ રેડ કરાઈ હતી જ્યાંથી કોસ્મેટિકના ૧૧ જેટલા નમુના મળી કુલ ૧૪ જેટલા સેમ્પલો લેવામાં આવ્યા હતા અને આ તમામ નમૂના ચકાસણી માટે લેબમાં મોકલી આપવામાં આવ્યા હતા અને સાથે જ ૩૦ લાખની કિંમતની બનાવટી એ એલોપેથીક દવા અને કોસ્મેટિક નું મુદ્દામાલ પણ જપ્ત કરવામાં આવ્યો હતો. મહત્વનું છે કે અત્યાર સુધી કોસ્મેટિક ની આડ માં ઓનલાઈન એલોપેથિક દવાઓ મોકલતા હોવાથી આ તમામ અંગે તપાસ પણ શરૂ કરવામાં આવી છે. ખાસ કરીને અત્યાર સુધીમાં કેટલી જગ્યાએ અને કોને કોને આ પ્રકારે ડુપ્લીકેટ માલ મોકલવામાં આવ્યો છે અને આ સમગ્ર કાંડમાં કોણ કોણ સામેલ છે તેની તપાસ થાય તો મોટું રેકેટ સામે આવે તેવી શક્યતા સેવાઈ રહી છે.

### લોકસભાનું સભ્યપદ લેવાનો મામલો

# અત્યારસુધીમાં ૨૮ કરોડની અપ્રમાણસર મિલકતો મળી આવી

**રોકડ રકમ ગણવા એસીબીએ મશીન મગાવવું પડ્યું હતું ૧૮ કરોડની મતાની ગણતરી કરવા એસીબીને સાડા ચૌદ કલાક લાગી હતી**

રાજકોટ,તા.૩

મનપાના તત્કાલીન ટીપીઓ અને રાજકોટ ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડના આરોપી મનસુખ સાગઠિયા પાસેથી અત્યારસુધીમાં ૨૮ કરોડની અપ્રમાણસર મિલકતો મળી આવી છે. એસીબીએ તપાસ શરૂ કરતાં ૨૦૧૨થી ૨૦૨૪ સુધી સાગઠિયાએ તેની દેખીતી આવક કરતાં ભ્રષ્ટ રીતરસમો અપનાવી રૂ.૫૫ કરોડની અપ્રમાણસર મિલકતો એકત્રિત કરતા તેમની સામે ગુનો નોંધાયો હતો. ગઈકાલે ફરી તેની ઓફિસ પર તપાસ કરવામાં આવતા વધુ ૧૮ કરોડની બેનામી સંપત્તિ મળી આવી હતી. જેમાં રોકડ રકમ ગણવા એસીબીએ મશીન મગાવવું પડ્યું હતું. ૧૮ કરોડની મતાની ગણતરી કરવા એસીબીને સાડા ચૌદ કલાક લાગી હતી. સાગઠિયાની ઓફિસ પણ હાઈટેક હતી. જેમાં દરેક દરવાજા અને ડોર સાગઠિયાની ફિંગર પ્રિન્ટ પાસવર્ડથી ખૂલી રહ્યાં હતાં.

સાગઠિયાને કોર્ટમાં રજૂ કરવામાં આવતા જિલ્લા સરકારી વકીલ એસ. કે. વોરાએ રજૂઆત કરતા જણાવ્યું હતું કે, સાગઠિયા પોતાની સમગ્ર કારકિર્દી દરમિયાનના સમગ્ર પગારની બચત કરે તો પણ તેઓ ૨૮ કરોડ રૂપિયાની મિલકત વસાવી શકે નહીં. આ કારણે તેની પાસેથી જે મિલકતો મળી આવી છે તે ખરેખર તેની બેનામી ખરીદેલી છે કે આવી મિલકતના તેઓ રખેવાળ છે તેની ઊંડાણપૂર્વક તપાસ જરૂરી છે. ઓફિસ તેઓની હાજરીમાં ખોલાવવામાં આવેલ ત્યારે આ ઝવેરાતોનું વજન, મૂલ્યાંકન અને રોકડ રકમની ગણતરી ૧૦ કલાકથી વધુ સમય ચાલી હતી.

આરોપી પાસે રહેલી બેન્ક ખાતાની તપાસ તેની હાજરીમાં જ કરવી જરૂરી છે. તેમજ તે મનપાના ખર્ચે વિદેશ પ્રવાસોમાં ગયેલા છે તે અંગે કોઈ વિગતો જણાવી નથી. આરોપીનાં પત્નીના નામે પેટ્રોલપંપ છે. તેમજ પુત્ર અને પુત્રીના નામે ૧૨ વીઘા જમીન છે જે ખરીદ કરવા અંગે તેની પાસે સ્વતંત્ર આવકનાં કોઈ સાધનો નથી. પોતાના પરિવાર સાથે જુદા જુદા ૪ દેશોમાં પ્રવાસ કરી આવેલ છે તેમ છતાં આટલી મોટી રોકડ રકમ અને ઝવેરાત મળી આવેલ છે તે દર્શાવે છે કે, તેણે તમામ પ્રકારે ભ્રષ્ટાચાર કરી હાલ જાહેર થયેલ છે તેના કરતાં ઘણી મોટી રકમની અપ્રમાણસર મિલકત વસાવેલ છે.

સરકાર તરફેની રજૂઆતોના અંતે ખાસ અદાલતે આરોપી મનસુખ સાગઠિયાને ૬ દિવસના પોલીસ રિમાન્ડ ઉપર સોંપેલ છે.સૂત્રોના જણાવ્યા મુજબ, રાજકોટ_ઈ ગેમ ઝોન અગ્નિકાંડમાં જીૈં ની ટીમ દ્વારા જે-તે વખતે સાગઠિયાને સાથે રાખી આ ઓફિસની તપાસ કરવાનું નક્કી કર્યું હતું. પરંતુ કોઈ કારણોસર તપાસ ન થતાં ક્રાઈમ બ્રાન્ચે આ ઓફિસને સીલ કરી દીધી હતી. ઓફિસના ડોરમાં સાગઠિયાના ફિંગર પ્રિન્ટ હતા. એસીબીએ ગઈકાલે અપ્રમાણસર મિલકતના ગુનામાં સાગઠિયાની ધરપકડ કરી ટ્વીન સ્ટાર ટાવરમાં સીલ કરેલી ઓફિસે પહોંચી હતી. જો કે, આ વખતે સાગઠિયાએ બીજો કોઈ વિકલ્પ નહીં હોવાથી પોતાના ફિંગર વડે બે ડોર ખોલી આપ્યાં હતાં. એટલું જ નહીં ઓફિસમાં જે તિજોરી હતી તેમાં ડિજિટલ લોક હતું. જેનો પાસવર્ડ પણ સાગઠિયાએ આપતાં એસીબીએ ડોર ખોલી જોતાં અંદરથી એકંદરે ૧૮ કરોડની મતા મળી આવી હતી. સોમવારે રાત્રે ૧.૩૦ વાગ્યાથી શરૂ થયેલી એસીબીના પંચનામાની કાર્યવાહી ગઈકાલે સાંજે ૪ વાગ્યા સુધી ચાલી હતી.ચાંદીના દાગીના આશરે અઢી કિલોગ્રામ અંદાજે કિંમત રૂ.૨ લાખ, સોનાના બિસ્કિટ તથા દાગીના આશરે ૨૨ કિલોગ્રામ અંદાજે કિંમત રૂ.૧૫ કરોડ, ચાંદીના દાગીના આશરે અઢી કિલોગ્રામ અંદાજે કિંમત રૂ.૨ લાખ, ડાયમંડ જ્વેલરી આશરે કિંમત રૂ.૫૦ લાખ, રોકડ ચલણી નોટો રૂ.૩,૦૫,૩૩,૫૦૦, જુદા-જુદા દેશોની ચલણી નોટો ભારતીય કિંમત આશરે રૂ.૧,૮૨,૦૦૦, સોનાના પટ્ટાવાળી ઘડિયાળ નંગ-૨ તથા અન્ય કિંમતી ઘડિયાળ નંગ-૬ અંદાજે કિંમત રૂ.૧.૦૩ લાખરાજકોટ શહેરના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર નાનામવા સર્કલ નજીક ટ્વીન સ્ટાર ટાવરના નોર્થ બ્લોકમાં ટીપીઓ મનસુખ સાગઠિયા ઓફિસ ધરાવે છે. ઓફિસ અંગે થયેલા દસ્તાવેજમાં દર્શાવેલી વિગતો મુજબ ટ્વીન સ્ટાર ટાવરમાં ૯૦૧ નંબરની ઓફિસના દસ્તાવેજ ૪ ડિસેમ્બર ૨૦૨૦ના થયા હતા.

જેમાં ખરીદનાર તરીકે ટીપીઓ મનસુખ સાગઠિયાના ભાઈ દિલીપ સાગઠિયા હતા. ઓફિસનો દસ્તાવેજ દિલીપ સાગઠિયાના નામે થયો હતો અને ઓફિસની ખરીદ કિંમત દસ્તાવેજમાં રૂ. ૫૧,૪૭,૫૦૦ દર્શાવવામાં આવી છે. પ્લસ સ્ટેમ્પ ડ્યૂટી ૨,૫૨,૩૦૦ અને રજિસ્ટ્રેશન ફી રૂ.૫૨ ૩૦૦ મળી કુલ રૂ.૫૪,૫૭,૮૮૦ ચૂકવવામાં આવ્યા છે. આ પછી બે મહિના બાદ તે ઓફિસની પાવર ઓફ એટર્ની તત્કાલીન ટીપીઓ મનસુખ સાગઠિયાના નામે થઈ હતી. આમ તે ઓફિસનો કબજો અને તેનો વહીવટ ટીપીઓ સાગઠિયાએ સંભાળી લીધો હતો.મનસુખ સાગઠિયાની ટ્વીન સ્ટાર બિલ્ડિંગમાં આવેલ ઓફિસ નંબર ૯૦૧ના દરવાજા પર મહાનગરપાલિકાએ નોટિસ લગાવી છે. તેમાં સ્પષ્ટપણે લખવામાં આવ્યું છે કે,

તા.૧૧.૨૦૨૩ સુધીમાં રૂ.૬૭૩૩૩નો વેરો બાકી છે. જો આ વેરો પાંચ દિવસમાં ભરવામાં નહીં આવે તો આ ઓફિસની હરાજી કરીને વેચી નાખવામાં આવશે. મનપાએ નોટિસ ચિપકાવી તેના ૧૫ દિવસ બાદ ૩૦ નવેમ્બરે સીલ લગાવી દીધું. જો કે, આ સીલ કોઈએ તોડી પણ નાંખ્યું હતું. આજે ૬ માસથી વધુનો સમય થઈ ગયો છે, પરંતુ ઓફિસ વેચવાની વાત તો દૂર સીલ તોડનાર સામે પણ કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. રાજકોટ પોલીસે ફરી આ ઓફિસને સીલ કરી હતી અને કોઈએ આ સીલ ખોલવું નહીં તેવી સૂચના લખી હતી.

### રાઘવ ચઠ્ઠાએ NEET પર ઉઠાવ્યા પ્રશ્નો

# 'દેશમાં IPL ચાલી રહી છે એટલે કે ઇન્ડિયા પેપર લીક...'

**રાઘવ ચઠ્ઠાએ કહ્યું કે આજે NEET અને UGC NET પરીક્ષાના પેપર લીક થવાને કારણે દેશના ૩૫ લાખ બાળકોનું ભવિષ્ય દાવ પર છે**

મુંબઈ, તા.૩

આમ આદમી પાર્ટીના રાજ્યસભાના સભ્ય રાઘવ ચઠ્ઠાએ મંગળવારે રાજ્યસભામાં NEET અને અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓના લીક થવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે આજે દેશમાં બે આઈપીએલ ચાલી રહી છે. પ્રથમ છે ઈન્ડિયા પ્રીમિયર લીગ,

જેમાં રમત બેટ-બોલથી રમાય છે. તે જ સમયે, બીજું ભારત પેપર લીક છે, જેમાં પેપર લીક કરીને યુવાનોના ભવિષ્ય સાથે રમત રમાઈ રહી છે.ઈન્ડિયા પેપર લીકના કારણે NEET-UGC નેટ પરીક્ષામાં બેસનાર ૩૫ લાખ બાળકોનું ભવિષ્ય અંધકારમાં છે. છેલ્લા ૧૦ વર્ષમાં કેન્દ્ર સરકાર આપણા યુવાનોને સારી શિક્ષણ વ્યવસ્થા આપી શકી નથી. તેથી આ સરકારમાં વ્યાપમ કૌભાંડ, NEET, UGC NET, UP પોલીસ ભરતી સહિતના તમામ પેપર લીક થઈ ગયા છે.આમ આદમી પાર્ટીના રાજ્યસભા સભ્ય રાઘવ ચઠ્ઠાએ મંગળવારે રાજ્યસભામાં કહ્યું કે આ દેશમાં બે શિક્ષણ પ્રણાલી છે.

એક તરફ દિલ્હીમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની શિક્ષણ વ્યવસ્થા, જેના હેઠળ તેમણે દિલ્હીમાં વિશ્વ કક્ષાની શાળાઓ બનાવી છે. બાળકોને સારો અભ્યાસક્રમ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવામાં આવ્યું. બીજી તરફ એક બીજી શિક્ષણ વ્યવસ્થા છે જેના હેઠળ પરીક્ષા માફિયાઓ જન્મે છે, જેના હેઠળ દેશના લાખો બાળકોનું ભવિષ્ય અંધકારની આરે ઉભું છે.ભારતની ૬૫ ટકા વસ્તી ૩૫ વર્ષથી ઓછી વયની છે. આપણે વિશ્વનો સૌથી યુવા દેશ છીએ. ભારતની સરેરાશ ઉંમર માત્ર ૨૯ વર્ષ છે.

અહીં પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ લેનારા બાળકોની સંખ્યા સહિત અંદાજે ૩૧ કરોડ વિદ્યાર્થીઓ છે, પરંતુ અમારી સરકારે આ યુવાનો માટે શું કર્યું છે?

રાઘવ ચઠ્ઠાએ કહ્યું કે આપણા દેશમાં બે પ્રકારની આઈપીએલ ચાલી રહી છે. પ્રથમ, બોલ અને બેટની રમત છે જેને ઈન્ડિયન પ્રીમિયર લીગ કહેવામાં આવે છે. અને બીજું છે ભારતીય પેપર લીક જેમાં દેશના લાખો યુવાનોનું ભવિષ્ય દાવ પર લાગેલું છે.




### લોકસભાનું સભ્યપદ લેવાનો મામલો

# જેલમાં બંધ અમૃતપાલ સિંહ પેરોલ ઉપર બહાર આવશે

**અમૃતપાલ સિંહને કેટલીક શરતો સાથે ૫ જુલાઈથી ૪ દિવસ કે તેનાથી ઓછા સમયની પેરોલ આપવામાં આવી**

નવી દિલ્હી, તા.૩

ખડૂર સાહિબ લોકસભા સીટ પરથી ચૂંટણી જીતીને સરબજીત સિંહ ખાલસાએ સોશિયલ મીડિયામાં માહિતી આપી છે કે તેઓ ૫ જુલાઈએ લોકસભાના સભ્ય તરીકે શપથ લેશે. અમૃતપાલ સિંહને કેટલીક શરતો સાથે ૫ જુલાઈથી ૪ દિવસ કે તેનાથી ઓછા સમયની પેરોલ આપવામાં આવી છે. તે અંગે અધીક્ષક ડિબ્રૂગઢને સૂચિત કરવામાં આવ્યું છે. આ પહેલા પંજાબ સરકારે આસમની ડિબ્રૂગઢ જેલમાં બંધ વારિસ પંજાબ દે સંગઠનના પ્રમુખ અમૃતપાલ સિંહનો લેખિત અનુરોધ લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને મોકલ્યો હતો. જેમાં અમૃતપાલે અસ્થાઈ મુક્તિ અથવા તો પછી પેરોલની માંગણી કરી હતી. ડિબ્રૂગઢ જેલમાં બંધ અમૃતપાલ સિંહને અમૃતસર પોલીસ ૫ જુલાઈએ દિલ્હી લઈને આવશે. અહીં તેઓ સાંસદની શપથ લેશે. લોકસભામાં સાંસદની શપથ લીધા પછી અમૃતપાલ સિંહને ફરીથી પરત ડિબ્રૂગઢ જેલમાં લઈ જવામાં આવશે. આ દરમિયાન અમૃતપાલ સિંહને કોઈને પણ મળવાની પરવાનગી હશે નહીં.

અમૃતપાલ સિંહના કાયદાકીય સલાહકાર ઈમાન સિંહ ખારાએ મંગળવારે કહ્યું હતું કે લોકસભા ચૂંટણીમાં પ્રચંડ જીત નોંધાવનાર કટ્ટરપંથી શીખ નેતાની અરજી એનએસએની ધારા ૧૫ અંતર્ગત જેલ અધિક્ષકના માધ્યમથી ૯ જૂને પંજાબ સરકારને મોકલવામાં આવી હતી.

ડિબ્રૂગઢ જેલ અધીક્ષકે અમૃતપાલ સિંહનો પત્ર ડેપ્યુટી કમિશ્નરને મોકલ્યો હતો, જેમણે તેને રાજ્ય સરકારના મુખ્યાલયને મોકલ્યો હતો. જેમાં લોકસભા સ્પીકરને અમૃપાલને શપથ લેવાની પરવાનગી આપવાનો આગ્રહ કરવામાં આવ્યો હતો.




## લોકસભાનાં વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ ભાજપનાં ગઢમાં ચિંતા વધારી

# ગુજરાતમાં ભાજપને હટાવીશુંનાં નિવેદનથી રાજકીય ગરમાવો

**લોકસભામાં ૧૦ વર્ષ બાદ વિપક્ષી નેતાની વરણી થઈ અને સરકારે સામે વિપક્ષી એકતા મજબૂત બની**

**ભાજપને ૩૦૩ માંથી ૬૩ બેઠકોનો ઘટાડો થઈને ૨૪૦ સાંસદ જ વિજેતા બન્યા**

**૧૦ વર્ષનાં ભાજપનાં શાસનની નિષ્ફળતા ઉજાગર કરવામાં વિપક્ષી નેતાઓ સક્રીય થયા**

**એનડીએને ૪૦૦ અને ભાજપને ૩૭૦ બેઠક મળશે તેવો ભાજપીઓનો આશાવાદ સફળ ન થયો**

અમરેલી, તા. ૩

દેશની સૌથી મોટી પંચાયત ગણાતી પાર્લામેન્ટમાં ૧૦ વર્ષ બાદ વિપક્ષી નેતા તરીકે કોંગ્રેસનાં સર્વોચ્ચ નેતા રાહુલ ગાંધીની ન્મિણુંક થતાં તેઓએ ૨ દિવસ પહેલા ભાજપ સરકારની ૧૦ વર્ષની



નિષ્ફળતા ઉજાગર કરતી વખતે આગામી વિધાનસભાની ચુંટણીમાં ભાજપને હરાવીશુ તેવુ નિવેદન આપતાં દેશભરમાં આ નિવેદનને લઈને અનેક અટકળો શરૂ થઈ છે.

ગુજરાત એ ભાજપનો ગઢ છે. છેલ્લા ૨૯ વર્ષથી રાજયમાં ભાજપનું શાસન છે અને ભાજપને ગામ

અનુસંધાન પાના ૬ ઉપર

## સસંદ ભવનમાં હિન્દુ સમાજનું અપમાન કર્યાનો આક્ષેપ

# અમરેલીનાં ડો. જીવરાજ મહેતા ચોકમાં કોંગી નેતા રાહુલ ગાંધીનાં પુતળાનું દહન કરાયું

**વિહિપ અને બજરંગ દળના કાર્યકરોની પોલીસે કરી અટકાયત**



અમરેલી, તા. ૩

દેશનાં સંસદભવન ખાતે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ હિન્દુ સમાજ વિષે કરેલ ટિપ્પણીને સમગ્ર દેશમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડયા છે. ત્યારે આજે અમરેલીના ડો. જીવરાજ મહેતા ચોક ખાતે અમરેલી વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા રાહુલ ગાંધીનાં પૂતળા

અનુસંધાન પાના ૬ ઉપર

## તસ્કરો ધાર્મિક સ્થાનોને પણ છોડતા નથી

# સાવરકુંડલાના આદસંગ ગામે આવેલ હનુમાનજી મંદિરમાં ચોરીનો પ્રયાસ

**સીસીટીવી નિહાળતા તસ્કરો નાસી છુટયા**

અમરેલી, તા. ૩

સાવરકુંડલા તાલુકાના આદસંગ ગામે આવેલ આદસંગી હનુમાનજીના મંદિરમાં બે તસ્કરો ચોરીનો પ્રયાસ કરવામાં આવ્યો હોય, આ મંદિરમાં લગાવેલ સીસીટીવી તસ્કરો જોઈ જતા નાશી છુટયા હતા.

આ બનાવમાં જાણવા મળતી વિગત અનુસાર સાવરકુંડલા તાલુકાના આદસંગ

અનુસંધાન પાના ૬ ઉપર



## પાલિકાનાં શાસકો દ્વારા એકને ગોળ ને એક ખોળ મળે છે

# લ્યો બોલો : બગસરા પાલિકાનાં ૧૩ કર્મચારીઓને છઠ્ઠા પગાર પંચનો લાભ નથી ને ૩ ને ૭મું પગાર પંચ લાગુ

**કર્મચારીઓને લાભ આપવામાં અન્યાય ચાલે નહી**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૩

બગસરા પાલિકા દ્વારા મસ મોટી વિકાસની વાતો કરીને મસમોટી ગ્રાન્ટ લાવીને બગસરાનો વિકાસ કરવાની વાતો કરી રહ્યા છે. ત્યારે સફાઈ કામદારોને પગાર ચૂકવવાના ફાંફા પડી રહ્યા છે. ત્યારે કાયમી કર્મચારી જે પાલિકામાં ઘણા સમયથી ફરજ બજાવતા ૧૬ જેટલા કર્મચારીઓમાંથી ૧૩ કર્મચારીઓ ને હજુ પાંચમુ પગારપંચ ચાલી રહ્યું છે ત્યારે ૩ કર્મચારીઓને સાતમું પગારપંચ લાગુ કરી દેવામાં આવેલ છે. સરકાર દ્વારા પગારપંચ આપીને લોકોને મોંઘવારી ડામવા તેમજ પોતાનાં ઘરનું ગુજરાન સરખી રીતે ચલાવી શકે તે માટે સરકારી નોકરિયાતને પાંચમાં પગારપંચથી લઈને સાતમાં પગારપંચ સુધી વેતન આપી રહેલ છે. ત્યારે બગસરા પાલિકા દ્વારા હજુ સુધી ફકત ૩ જ કર્મચારીઓ ને સાતમું પગારપંચ લાગુ કરાયું છે જયારે અન્ય ૧૩ જેટલા કર્મચારીઓને હજુ પાંચમાં પગારપંચ મુજબ જ પગાર ચૂકવવામાં આવે છે. જયારે આવી નીતિ કેમ છે એ બાબતે પાલિકાના હેડ કલાર્કને પૂછતાં તેમણે જણાવ્યું કે આજે ૩ કર્મચારીઓ સક્ષમ સત્તાધીશો વાળા હોય છે જયારે બાકીના ૧૩ કર્મચારીઓને કોર્ટના હુકમ મુજબ નોકરી પ્રાપ્ત થયેલ હોય છે જેને હિસાબે ૧૩ કર્મચારીઓને હજુ પાચમાં પગારપંચ મુજબ પગાર ચૂકવાય છે.

અનુસંધાન પાના ૬ ઉપર

## એડવોકેટ કિશોરભાઈ પાઠકની દલીલો સફળ રહી

# લીલીયામોટા ક્રેડીટ સોસાયટીના બાકીદારની મિલ્કત મકાન જપ્ત કરતા નાયબ જીલ્લા વિકાસ અધિકારી

**સોસાયટીનાં બાકીદારોમાં ફફડાટ ફેલાયો**



લીલીયામોટા, તા. ૩

લીલીયા મોટા ક્રેડીટ કો.ઓપરેટીવ સો.લી.માંથી ધીરાણ મેળવી હપ્તા નહી ભરતા બાકીદાર (૧) કાળુભાઈ મોહનભાઈ ધંધુકીયા રહે. લીલયાવાળાનો ચેક રૂા. ૪,૩૬,૯૬૦ નો ધીરાણની રકમ તથા તે પર વ્યાજ ગણી આપેલ ચેક રીટર્ન તથા લીલીયા ક્રેડીટ કો.ઓ.સો.લીનાના મેનેજીંગ ડિરેકટરએ આ બાકીદાર સામે મંડળી ના લીગલ એડવાઈઝર એડવોકેટ કિશોરભાઈ પાઠક મારફત લીલીયા કોર્ટમાં ફોજદારી ફરીયાદ કેસ નં ૩૩૬/૨૦૨૩ નો દાખલ કરેલ અને કેસ ચાલી જતા અદાલત દ્વારા કાળુભાઈ મોહનભાઈ ધંધુકીયા દોઢવર્ષ (૧૮ માસ) ની સજા કરવામાં આવેલ અને ચેકની રકમ રૂ. ૪,૩૬,૯૬૦/– તથા તે પરનું વ્યાજ સંસ્થાને વળતર ચુકવવા આદેશ કરેલ. આ હુકમ થતા કરજદારે સજા ભોગવી લીધેલ છે અને વળતર નહી ચુકવતા અને વળતરની રકમ મળવા અદાલત સમક્ષ અરજ દાખલ કરતા કરજદારની મિલકત જપ્ત કરી તે મિલકતની મકાન નીહરરાજી કરી રકમ વસુલ કરી સોસાયટીને ચુકવવી તેવો હુકમ થતા આજરોજ નાયબ જીલ્લા વિકાસ અધિકારીએ કરજદારની મિલકત મકાન જપ્ત કરેલ છે. અને સીલ મારી દિધેલ છે.







*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)